RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 310* Date: 07.09.2020 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૯૦ હજાર પોઝિટિવ કેસ ૧૦૬૫ના મોત

# કોરોના બેકાબૂ: દેશમાં દૈનિક કેસ ૧ લાખ પહોંચવાની તૈયારીમાં

### કુલ કોરોનાનો આંકડો ૪૧ લાખને પાર, મૃત્યુઆંક ૭૦,૬૨૬એ પહોંચ્યો, મૃત્યુદર ઘટીને ૧.૭૨ ટકા થયો



ન્યુ દિલ્હી,તા.૬

ભારતમાં કોરોના સંક્રમણના રેકોર્ડ બ્રેક કેસ સામે આવી રહ્યા છે. દેશમાં પ્રથમવાર એક દિવસમાં ૯૦,૬૩૨ નવા કેસ નોંધાયા છે. તો ૨૪ કલાકમાં ૧૦૬૫ લોકોના મોત થયા છે. આની પહેલા ૫ સપ્ટેમ્બરે દેશમાં સૌથી વધુ ૮૬,૪૩૨ કેસ નોંધાયા હતા. હવે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૪૧ લાખ ૧૩ હજાર થઈ ગઈ છે. બ્રાઝિલમાં સંક્રમિત લોકોની કુલ સંખ્યા ૪૧ લાખ ૨૩ હજાર છે. સંક્રમિતોની સંખ્યાના મામલામાં ભારત બ્રાઝિલને પછાડીને બીજા નંબર પર પહોંચી ગયું છે. વિશ્વમાં એક દિવસમાં ૯૦૦૦૦થી વધુ કેસ આવનારો ભારત પ્રથમ દેશ બન્યો છે.

દેશમાં કુલ સંક્રમિતોમાંથી ૭૦,૬૨૬ લોકોનાં મોત નીપજયાં છે. એક્ટિવ કેસની સંખ્યા વધીને ૮ લાખ ૬૨ હજાર થઈ ગઈ છે અને ૩૧ લાખ ૮૦ હજાર લોકો સ્વસ્થ થઈ ચૂકયા છે. સાજા થનારા લોકોની સંખ્યા ચેપના સક્રિય કિસ્સાઓની સંખ્યા કરતા લગભગ ત્રણ ગણી વધારે છે. આઈસીએમઆરના આધારે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૯૨,૬૫૪ કોરોના કેસની તપાસ થઈ છે જયારે અત્યારસુધીમાં ૪,૮૮,૩૧,૧૪૫ લોકોના ટેસ્ટ થયા છે.

રાહતની વાત એ છે કે મૃત્યુદરમાં સતત ઘટાડો અને એક્ટિવ કેસમાં ઘટાડો નોંધાઇ રહ્યો છે. મૃત્યુ દર ઘટીને ૧.૭૨% થયો છે. આ સિવાય સારવાર હેઠળ રહેલા એક્ટિવ કેસનો દર પણ ૨૧% સુધી નીચે આવી ગયો છે. તેની સાથે જ રિકવરી રેટ એટલે કે સ્વસ્થ થનારાનો દર ૭૭% થઈ ગયો છે. ભારતમાં રિકવરી રેટ સતત વધી રહ્યો છે.

આઈસીએમઆરના મતે કોરોના વાયરસના ૫૪% કેસો ૧૮ થી ૪૪ વર્ષના છે, પરંતુ કોરોના વાયરસના ૫૧% મૃત્યુ ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોમાં થયા છે. ૫ સપ્ટેમ્બર સુધીમાં કોરોના વાયરસના કુલ ૪૮ કરોડ ૮૮ લાખ સેમ્પલ ટેસ્ટ થઇ ચૂકયા છે, જેમાંથી ગઈકાલે ૧૧ લાખ સેમ્પલનું ટેસ્ટિંગ ગઈકાલે કરાયું. પોઝિટિવિટી રેટ ૭ ટકા કરતા ઓછો છે.

મહારાષ્ટ્રમાં આંકડા મુજબ દેશમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. મહારાષ્ટ્રમાં બે લાખથી વધુ ચેપગ્રસ્ત લોકોની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે. ત્યારબાદ બીજા નંબરે તમિલનાડુ, ત્રીજા નંબરે દિલ્હી, ચોથા નંબરે ગુજરાત અને પાંચમા ક્રમે પશ્ચિમ બંગાળ છે. આ પાંચ રાજયોમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. એક્ટિવ કેસના કિસ્સામાં ભારત વિશ્વમાં બીજા નંબરે છે. કોરોના સંક્રમિતોની સંખ્યા અને મૃત્યુના સંદર્ભમાં ભારત વિશ્વનો ત્રીજો સૌથી પ્રભાવિત દેશ છે. અમેરિકા અને બ્રાઝીલ બાદ કોરોના મહામારીથી સૌથી વધુ પ્રભાવિત ભારત છે.

## સ્વદેશી કોવેક્સિનને બીજા તબક્કાના પરીક્ષણની મંજૂરી, ૭ સપ્ટેમ્બરથી થશે શરૂ




ન્યુ દિલ્હી,તા.૬

કોરોના વાઈરસને રોકવા માટે ભારત બાયોટેક દ્વારા વિકસિત કરવામાં આવી રહેલી સ્વદેશી કોવેક્સિનને ડ્રગ રેગુલેટરીએ ટ્રાયલના બીજા તબક્કાની મંજૂરી આપી દીધી છે. સૂત્રો અનુસાર બીજા તબક્કામાં પ્રવેશ માટે વેક્સિન સમગ્ર રીતે તૈયાર છે. બીજા તબક્કામાં કોવેક્સિનની ટ્રાયલ સોમવારે ૭ સપ્ટેમ્બરથી શરૂ થઈ શકે છે.

ભારત બાયોટેકની આ વેક્સિનને પહેલા તબક્કામાં દેશના કેટલાક જુદા-જુદા ભાગોમાં ટેસ્ટ કરવામાં આવી ચૂકી છે. ડાયરેક્ટર જનરલ ઑફ હેલ્થ સર્વિસે પોતાના નિવેદનમાં કહ્યુ, હેલ્થ એક્સપર્ટ્સ વચ્ચે ૩ સપ્ટેમ્બરે ભારત બાયોટેકની વેક્સિનને લઈને વીડિયો કૉન્ફરન્સિંગ થઈ હતી, જેમાં વેક્સિનને ટ્રાયલના બીજા તબક્કામાં મોકલવા પર સંમતિ બની.

હવે ટ્રાયલના બીજા તબક્કામાં ૩૮૦ વૉલેન્ટિયર્સ પર વેક્સિનનો ટેસ્ટ કરવામાં આવશે. વેક્સિનનો ડોઝ આપ્યા બાદ આગામી ૪ દિવસ સુધી તમામ વોલેન્ટિયર્સની હેલ્થની સ્ક્રીનિંગ કરવામાં આવશે. હાલ ભારતની પહેલી સ્વદેશી કોરોના વેક્સિનને ટ્રાયલના બીજા તબક્કામાં મોકલવાની ઝડપથી તૈયારીઓ કરવામાં આવી રહી છે. ટ્રાયલના બીજા તબક્કાની શરૂઆત સાથે જ પહેલા તબક્કાની પ્રક્રિયા પણ ચાલુ છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં અત્યાર સુધી ૪૧ લાખથી પણ વધારે લોકો કોરોનાની ચપેટમાં આવી ચૂક્યા છે. અગાઉ વેક્સિન લેનારા વોલન્ટિયર્સના બ્લડ સેમ્પલ લઈને વેક્સિનની પ્રભાવશીલતા અને શરીરમાં એન્ટીબોડીના પ્રમાણની જાણ થઈ શકતી હતી. ભારત બાયોટેકની આ વેક્સિનની ટ્રાયલના પહેલા તબક્કામાં કોઈ સાઈડ-ઈફેક્ટ જોવા મળી નથી.

### ઉ.પ્રદેશમાં કાઢી મૂકેલા ૯ કોંગી નેતાઓનો સોનિયા ગાંધીને પત્ર

## કોંગ્રેસમાં વધુ એક 'લેટર બોમ્બ' ફૂટ્યો, નેતાઓએ કહ્યું- પરિવારના મોહથી ઉપર ઉઠો

)ન્યુ દિલ્હી/લખનઉ,તા.૬

કોંગ્રેસમાં ચાલી રહેલું ઘમાણસ થોભવાનું નામ લેતું નથી. કારણ કે કોંગ્રેસ હવે વધુ એક 'લેટર બોમ્બ'ની સાથે પાર્ટીમાં થનાર ધડાકા માટે તૈયાર છે. આ વખતે આ ઉત્તરપ્રદેશથી છે. ગયા વર્ષે પાર્ટીમાંથી કાઢી મૂકેલા ૯ વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓએ કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષા સોનિયા ગાંધીને એક પત્ર મોકલ્યો છે જેમાં કહ્યું હતું કે તેઓ પાર્ટીને લગભગ 'ઈતિહાસ'નો હિસ્સો બનવાથી રહી જાય તેનાથી બચાવી લે. સાથો સાથે તેમણે પરિવારના મોહથી ઉપર ઉઠીને કામ કરવાની અપીલ કરી છે.

યુપીના ભૂતપૂર્વ સાંસદ સંતોષ સિંહ, પૂર્વ મંત્રી સત્યદેવ ત્રિપાઠી, પૂર્વ ધારાસભ્યો વિનોદ ચૌધરી, ભૂધર નારાયણ મિશ્રા, નેકચંદ પાંડે, સ્વયં પ્રકાશ ગોસ્વામી અને સંજીવ સિંહના સહીવાળા પત્રમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસ ઉત્તરપ્રદેશમાં પોતાના સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યું છે.

યુપીના પ્રભારી અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા પર પરોક્ષ રીતે નિશાન બનાવતા ચાર પાનાના પત્રમાં સોનિયા ગાંધીને પરિવારથી ઉપર ઉઠાવવાનો આગ્રહ કર્યો છે. પત્રમાં લખ્યું છે કે 'પરિવારના મોહથી ઉપર ઉઠો' અને પાર્ટીની લોકશાહી પરંપરાઓને ફરીથી સ્થાપિત કરો.

પત્રમાં એવું કહેવામાં આવ્યું છે કે એ વાતની આશંકા છે કે તમને રાજ્યની બાબતોના પ્રભારી તરફથી વર્તમાન પરિસ્થિતિ અંગે કહેવામાં આવી રહ્યું નથી. અમે લગભગ એક વર્ષથી તમને મળવા માટે એપોઈન્ટમેન્ટની માંગણી કરી રહ્યા છીએ, પરંતુ તેને નકારી કાઢવામાં આવે છે. અમને હાંકી કાઢવાની વિરુદ્ધ અપીલ કરી હતી જે ગેરકાયદેસર હતી પરંતુ કેન્દ્રીય અનુશાસન સમિતિ એ પણ અમારી અપીલ પર વિચાર કરવાનો સમય મળ્યો નથી. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ આગળ દાવો કર્યો હતો કે પક્ષના હોદ્દાઓ પર એવા લોકોનો કબ્જો છે જે પગારના આધાર પર કામ કરી રહ્યા છે અને પાર્ટીના પ્રાથમિક સભ્ય પણ નથી. પત્રમાં કહેવામાં આવ્યું છે કે આ નેતાઓ પક્ષની વિચારધારાથી પરિચિત નથી, પરંતુ તેમને યુપીમાં પાર્ટીને દિશા આપવાનું કામ સોંપવામાં આવ્યું છે.

તેમાં આગળ કહેવામાં આવ્યું છે કે આ લોકો તે નેતાઓની કામગીરીનું મૂલ્યાંકન કરી રહ્યા છે જેઓ ૧૯૭૭-૮૦ની કટોકટી દરમ્યાન કોંગ્રેસની સાથે ચટ્ટાનની જેમ ઉભા હતા. લોકશાહીના માપદંડો તોડી પાડવામાં આવી રહ્યા છે અને વરિષ્ઠ નેતાઓને નિશાન બનાવામાં આવી રહ્યા છે, અપમાનિત કરવામાં આવી રહ્યા છે. વાસ્તવમાં અમને મીડિયા દ્વારા કાઢી મૂકયાની ખબર પડી હતી જે રાજ્ય એકમમાં નવી કાર્ય સંસ્કૃતિની વાત કરે છે. પત્રમાં આરોપ મૂકયો છે કે નેતાઓ અને પાર્ટીના કાર્યકર્તાઓની વચ્ચે સંવાદનો અભાવ છે.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર ગવર્નર કોન્ફરન્સ: આજે રાષ્ટ્રપતિ-વડાપ્રધાન સંબોધન કરશે

ન્યુ દિલ્હી,તા.૬

શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ને લઈને પરિષદનું આયોજન કર્યું છે. સોમવારે રાષ્ટ્રપતિ કોવિંદ અને વડાપ્રધાન મોદી તેના ઉદ્ઘાટન સત્રમાં સંબોધન કરશે. આ પરિષદનું શીર્ષક ઉચ્ચ શિક્ષણમાં પરિવર્તનના સંદર્ભમાં નક્કી કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ગવર્નર્સ કોન્ફરન્સમાં તમામ રાજ્યોના શિક્ષણ પ્રધાનો, રાજયોની યુનિવર્સિટીઓના કુલપતિઓ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ હાજરી આપશે.પરિષદને લગતા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની રચના ત્રણ દાયકાથી વધુ સમય પછી થઈ હતી. ૨૧ મી સદીની આ પહેલી શિક્ષણ નીતિ છે. છેલ્લી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની જાહેરાત ૧૯૮૬માં કરવામાં આવી હતી.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩૩૫

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૦૪૩૪૧

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૪

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨૧૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૪૮૫૮

### અમેરિકામાં છપાયેલા મીડિયા રિપોર્ટ પ્રમાણે

## કોરોના સંકટને કારણે ભારતમાં બે કરોડ લોકો ફરી ગરીબીમાં ધકેલાઈ શકે છે

ન્યૂયોર્ક,તા.૬

કોરોનાની મહામારીએ લાખો ભારતીયોના સપના પણ ચકનાચૂર કરી નાંખ્યા છે.કોરોનાના કારણે ભારતની ઈકોનોમી ઉંધા માથે પછડાઈ છે અને તેના કારણે માંડ માંડ ગરીબી રેખાની બહાર આવેલા લોકો પર ખતરો ઉભો થયો છે.

કોરોનાનુ આગમન થયુ તે પહેલા ભારતની આર્થિક તાકાત વધી રહી હતી અને લોકો ગરીબીમાંથી બહાર પણ આવી રહ્યા હતા.જોકે હવે જે સ્થિતિ સર્જાઈ છે તે ચિંતાજનક છે.કારણકે ભારતની ઈકોનોમી બીજા દેશો કરતા પણ વધારે ખરાબ સ્થિતિમાં છે અને અમેરિકામાં છપાયેલા એક મીડિયા રિપોર્ટ પ્રમાણે ભારતમાં બે કરોડ લોકો ફરી ગરીબીમાં ધકેલાઈ શકે છે અને મોટાભાગના નિષ્ણાતો તેના માટે બે મહિના સુધી લાગુ કરાયેલા લોકડાઉનને જવાબદાર ઠેરવી રહ્યા છે. તેમનુ કહેવુ છે કે, લોકડાઉન તો આકરુ હતુ પણ તેમાં ખામીઓ રહી ગઈ હતી.જેના કારણે ઈકોનોમીને નુકસાન તો થયુ જ છે પણ હવે વાયરસ પણ ઝડપથી ફેલાઈ રહ્યો છે.કદાચ આઝાદી પછીનો આ સૌથી ખરાબ સમય છે.લોકો પાસે પૈસા નથી અને બજાર નહીં હોય તો રોકાણકારો રોકાણ નહી કરે.મોટાભાગની વસ્તુઓના ઉત્પાદન પાછળ આવતો ખર્ચ પણ વધી ગયો છે.

કોરોનાના આગમન પહેલા જ ભારતની જીડીપી ઘટીને ચાર ટકા સુધી પહોંચી ગઈ હતી.નોટબંધી જે રીતે લાગુ કરવામાં આવી હતી તે ઉતાવળીયુ હતુ અને તેનાથી ઈકોનોમીને નુકસાન થયુ હતુ.લોકડાઉન પણ આ જ રીતે ઉતાવળથી લાગુ કરાયુ હતુ.જેનાથી રાતોરાત કરોડો લોકોનીનોકરીઓ છીનવાઈ ગઈ હતી.મજૂરોના પલાયને નવુ સંકટ ઉભુ કર્યુ હતુ.જો કોરોના કાબૂમાં આવ્યો હોત તો લોકડાઉન સફળ પૂરવાર થયુ હોત.પણ વાયરસનો ડર હજી પણ યથાવત છે.લોકડાઉન હટાવાયુ છે પણ પહેલાની સરખામણીએ ૩૯ ટકા ઓછા લોકો ઘરની બહાર નીકળી રહ્યા છે.કેટલાક રાજ્યો પાસે તો હેલ્થ વર્કર્સને આપવા માટે પણ પૈસા નથી.

## કોરોના વેક્સિન માટે માત્ર ટ્રમ્પના ભરોસે બેસી ના રહેવાય: કમલા હેરિસ

વૉશિંગ્ટન,તા.૬



લોકશાહી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કમલા હેરિસે શનિવારે કહ્યું હતું કે તેઓ કોરોના વાયરસ રસી માટે ડોનાલ્ડ ટ્રમ્પ એકલા પર વિશ્વાસ કરશે નહીં. તેમણે કહ્યું કે તે જેની વાત કરે છે તે એક ×વિશ્વસનીય સ્રોત× હોવો જોઈએ જે ×અસરકારકતા અને વિશ્વસનીયતાની વાત કરે છે. સી.એન.એન. સાથેની એક મુલાકાતમાં હેરિસે કહ્યું હતું કે રાષ્ટ્રપતિની ચૂંટણીઓ પહેલા વેકસીનને મંજૂરી આપવી જોઈએ અને તેનું વિતરણ થવું જોઈએ.× આપણા માટે એક મુદ્દો બની રહ્યો છે.

હેરિસે જણાવ્યું હતું કે ×હું કહીશ કે હું ડોનાલ્ડ ટ્રમ્પ પર વિશ્વાસ નહીં કરીશ અને તેઓ જેની વાત કરે છે તે× વિશ્વસનીય સ્રોત ×હોવો જોઈએ જે× અસરકારકતા અને વિશ્વસનીયતાની વાત કરે. નહીં તો હું તેની વાત પર વિશ્વાસ નહીં કરીશ.× યુ.એસ.માં નવેમ્બરમાં રાષ્ટ્રપતિ અને ઉપ-રાષ્ટ્રપતિની ચૂંટણીઓ યોજાવાની હોવાથી, ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન પાર્ટીના ઉમેદવારો એક બીજા પર નિશાન સાધતા હોય છે. તાજેતરમાં, ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવારો જો બિડેન અને કમલા હેરિસે રિપબ્લિકન ઉમેદવારો અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર હુમલો કરતાં કહ્યું હતું કે તેઓ રાષ્ટ્રપતિને સમજી શક્યા નથી. જો બિડેને યુ.એસ. માં વધી રહેલા કોરોના કેસોને લઈને ટ્રમ્પની ઘેરાબંધી કરી હતી. તેમણે કહ્યું, દેશમાં કોવિડ -૧૯ ના વધતા જતા કેસો પાછળનું કારણ ટ્રમ્પના સમય અંગે નિર્ણય લેવાનો નથી.

વળી, તેમણે કહ્યું કે, દેશમાં થઈ રહેલા પ્રદર્શન માટે ટ્રમ્પ પણ જવાબદાર છે. ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર કમલા હેરિસે ટ્રમ્પ દ્વારા કોરોના પરિસ્થિતિને સંભાળવાની અને જાતિવાદ વિરોધી પ્રદર્શન અંગેની તેમની પ્રતિક્રિયાની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું, ટ્રમ્પ રાષ્ટ્રપતિ પદને સમજી શકતા નથી.

## તંત્રી સ્થાનેથી...

# મીડિયા ટ્રાયલ

અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના મોટી તપાસમાં રોજેરોજ પિરસાઈ રહેલી મસાલેદાર વાતો વચ્ચે ટીવી ચેનલો બુધવારે નવી વાત લઈ આવી. આ કેસની તપાસ સીબીઆઈ કરી રહી છે. એક ટીવી ચેનલે સીબીઆઈનાં સૂત્રોના હવાલાથી જાહેર કર્યું છે કે, સુશાંતના મર્ડર કે હોમીસાઈડના કોઈ પુરાવા હજુ સુધી નથી મળ્યા. મર્ડર અને હોમીસાઈડ બંનેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિને મારી નાંખતી હોય છે પણ કાનૂની પરિભાષામાં બંને વચ્ચે મોટો ફરક છે. કોઈ વ્યક્તિ કાવતરૂં ઘડીને બીજી વ્યક્તિને પતાવી દે એ મર્ડર એટલે કે ખૂન છે જ્યારે સામેની વ્યક્તિનું અહિત કરવાનો ઈરાદો ના હોય છતાં તેનું મોત થઈ જાય એવું કશું કરો તો તેને હોમીસાઈડ કહેવાય. અકસ્માતે કે બેદરકારીથી કોઈનું મોત નિપજાવો એ હોમીસાઈડ કહેવાય. એ ગુનો મર્ડર જેટલો ગંભીર ના ગણાય.સુશાંતના કેસમાં એક થીયરી એવી વહેતી કરાયેલી કે, તેની ગર્લફ્રેન્ડ રિયાએ તેને ડ્ર્ગસનો બંધાણી બનાવીને ધીરે ધીરે પતાવી દીધો. સુશાંતનું મર્ડર કે હોમીસાઈડના પુરાવા નથી મળ્યા તેનો અર્થ એ થાય કે, આ થીયરી ખોટી છે. આ વાત નક્કર નથી તેથી તેને સાચી ના માની શકાય પણ વાત સાચી હોય તો તેનો અર્થ એ થાય કે, રિયા ચક્રવર્તી અને તેના પરિવાર સામે જે આળ મુકાઈ રહ્યાં છે એ ખોટાં છે.આ દાવા વચ્ચે રિયા ચક્રવર્તીના વકીલ સતિષ માનશિંદેએ સુશાંતના કેસને ૨૦૦૮ના આરૂષી તલવાર મર્ડર કેસ સાથે સરખાવ્યો છે. માનશિંદેએ આ વાત જુદા સંદર્ભમાં કહી છે પણ સુશાંતનો કેસ આરૂષીના કેસ જેવો થઈ ગયો છે એ વાત ચોકક્સ છે. માનશિંદેના કહેવા પ્રમાણે, આરૂષીનાં માતા-પિતા દીકરીની હત્યા માટે આખી દુનિયાને દોષ દેતાં હતાં પણ છેવટે કોની સામે કેસ ચાલ્યો એ આપણે બધાં જાણીએ છીએ. માનશિંદેએ રિયાના બચાવ માટે આડકતરી રીતે સુશાંતના પરિવાર સામે આંગળી ચીંધી છે.માનશિંદેએ જે કહ્યું એ આધારહીન છે કેમ કે સુશાંતના પરિવાર સામે આંગળી ચીંધાય એવું કશું હજુ સુધી નથી બહાર આવ્યું પણ સામે રિયા કે તેના પરિવાર સામે પણ કશું બહાર નથી આવ્યું. આમ છતાં આરૂષીના કેસની જેમ અહીં પણ મીડિયા ટ્રાયલ ચાલી રહ્યો છે ને રિયા દોષિત હોય એ રીતનું ચિત્ર ઊભું કરાઈ રહ્યું છે. ૨૦૦૮માં ઉત્તર પ્રદેશના નોઈડામાં થયેલી આરૂષી તલવાર અને હેમરાજની હત્યામાં પણ આ રીતે જ મીડિયા ટ્રાયલ ચાલેલો. મીડિયાએ કોઈ પણ પ્રકારના પુરાવા કે આધાર વિના દે ઠોકાઠોક ચલાવેલી ને એવી એવી મસાલેદાર વાતો રજૂ કરેલી કે આપણું માથું ચકરાઈ જાય. આરૂષી કેસને જે પ્રસિદ્ધિ મળી તેટલી પ્રસિદ્ધિ ભાગ્યે જ બીજી કોઈ હત્યાના કેસને મળી હશે.આરૂષી તલવારની ૧૫ મે, ૨૦૦૮ના રોજ હત્યા થઈ હતી. આરૂષી તલવારની હત્યા અંગે જાત જાતની થીયરીઓ વહેતી કરાયેલી. સૌથી પહેલાં તો તેની હત્યા બદલ તેમના નોકર હેમરાજ સામે આંગળી ચીંધાયેલી પણ બે દિવસ પછી હેમરાજની લાશ મળતાં આખો મામલો બદલાઈ ગયો. આ કેસની તપાસ સીબીઆઈને સોંપાયેલી ને સીબીઆઈએ આરૂષીનાં માતા-પિતા ડો. રાજેશ તલવાર અને નૂપુર તલવારને જ ફિટ કરીને જેલમાં ધકેલી દીધેલાં.મીડિયાએ આરૂષી હત્યા કેસમાં એટલી બધી વાતો વહેતી કરેલી કે ભલભલો માણસ ચકરાઈ જાય. આરૂષીની હત્યા થઈ એ વખતે તેની ઉંમર માત્ર ૧૩ વર્ષની હતી. બે દિવસ પછી તેનો ૧૪મો જન્મદિન હતો. તલવાર દંપતીના ઘરમાં હેમરાજ નામનો નોકર રહેતો. મીડિયાએ એવી વાતો ચલાવી હતી કે, હેમરાજ તથા આરૂષીને શારીરિક સંબંધો હતા. તલવાર દંપતીને તેની જાણ થઈ ગઈ ને તેમણે દીકરીને પતાવી દીધી.હેમરાજ અને આરૂષી વચ્ચે શારીરિક સંબંધો કેમ બંધાયા તે અંગે પણ એક થીયરી વહેતી કરાયેલી. આ થીયરી એવી હતી કે આરૂષીના પિતા રાજેશ તલવારને તેમની સાથે કામ કરતી બીજી ડોક્ટર મહિલા સાથે લગ્નેતર શારીરિક સંબંધો હતા. હેમરાજને તેની જાણ થઈ હતી. હેમરાજ આ વાત જાહેર કરી દેવાની ધમકી આપીને આરૂષીને બ્લેકમેઈલ કરતો હતો અને તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ વાતની ખબર પડતાં તલવાર દંપતીએ બંનેને પતાવી દીધાં.એક વાત એવી પણ વહેતી કરાયેલી કે હેમરાજે તલવાર અને તેમની ડોક્ટર મિત્ર વચ્ચે લગ્નેતર સંબંધો છે તેવી ખોટી વાત ફેલાવીને આરૂષીને ભોળવી હતી. પિતાના સંબંધોના કારણે પડી ભાંગેલી આરૂષી સાથે તેણે શારીરિક સંબંધો બાંધ્યા હતા.

એક એવી થીયરી વહેતી કરાયેલી કે, આરૂષીને પિતાના લગ્નેતર સંબંધોની ખબર પડી જતાં તેણે બદલો લેવા માટે હેમરાજ સાથે સંબંધ બાંધ્યા. માતા-પિતાએ તેને બહુ વારી પણ ના માનતાં બંનેને પતાવી દીધાં.આ બધી વાતોમાં ખરેખર સાચું શું તે ખબર નથી પણ મીડિયાએ આ કેસને ટીવી સિરિયલ કરતાં પણ જોરદાર મસાલેદાર બનાવી દીધેલો. રોજ જ કલાકો લગી તેના પર કાર્યક્રમો આવતા ને તલવાર દંપતી સામે એવી એવી વાતો થતી કે આપણે થથરી જઈએ. કોઈ માબાપ પોતાના સંતાન સાથે આવી ક્રૂરતાથી કઈ રીતે વર્તી શકે એવો સવાલ થતો. આ મીડિયા ટ્રાયલ પાછો સીબીઆઈનાં સૂત્રોના હવાલાથી ચાલતો. કોઈ પણ કેસ ચગે એટલે બોલીવૂડને પણ રસ પડી જતો હોય છે. બોલીવૂડે પણ વહેતી ગંગામાં હાથ ધોઈને રોકડી કરી લેવા આ કેસ પરથી બે-ત્રણ ફિલ્મો બનાવી નાંખેલી. આ ફિલ્મોમાંથી એકેયમાં ભલી વાર નહોતો એ અલગ વાત છે પણ આ કેસ જબરદસ્ત ચગેલો એ વાત સાચી છે.સીબીઆઈએ તલવાર દંપતીને ફિટ કરીને સગી દીકરીને પતાવી દેવાના આરોપો મૂકેલા. તલવાર દંપતીને સીબીઆઈ કોર્ટે દીકરીની હત્યા માટે આજીવન કારાવાસની સજા પણ ફટકારી દીધેલી. બંનેએ તેની સામે હાઈ કોર્ટમાં અપીલ કરી ને છેવટે અલાહાબાદ હાઈ કોર્ટે બંનેને નિર્દોષ છોડી મૂક્યાં હતાં. એક બહુ ચગાવાયેલા કેસમાં અંતે કશું ના નીકળ્યું. તલવાર દંપતી વરસો લગી જેલવાસ ભોગવ્યા પછી બહાર આવી ગયાં ને આરૂષીની હત્યા કોણે કરી એ સવાલનો જવાબ આજેય નથી મળ્યો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૦૭-૯-૨૦૨૦, સોમવાર, ભાદરવા વદ-૫
સૂર્યોદય-૬-૩૨, સૂર્યાસ્ત-૬-૫૭, જૈન નવકારશી-૭-૫૦,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ ભરણી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૩૩ થી અમૃત-૮-૦૬ સુધી, ૯-૩૯થી શુભ-૧૧-૧૨ સુધી, ૧૪-૧૮થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૨૪ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૩૩ થી ૭-૩૫ સુધી, ૮-૩૭થી ૯-૩૯ સુધી, ૧૧-૪૩ થી ૧૪-૪૯ સુધી, ૧૫-૫૧ થી ૧૬-૫૩ સુધી |

### પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દાહોદ દ્વારા

# શિક્ષક દિવસે જિલ્લાનાં શ્રેષ્ઠ શિક્ષકોને અભિનંદન પાઠવવામાં આવ્યા

અભેસિંહ રાવલ દાહોદ

દર વર્ષ ની જેમ ચાલુ વર્ષે પણ ૫ મી સપ્ટેમ્બર શિક્ષકદિન ના રોજ ગુજરાત રાજ્ય શિ''ક્ષણ વિભાગ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા.દાહોદ જિલ્લામાં શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થયેલા પ્રાથમિક વિભાગના ૨૧ શિક્ષકોને પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દાહોદ દ્વારા અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.ગુજરાત સરકારના માન. મંત્રીશ્રી બચુભાઇ ખાબડ અને દાહોદ ના માન સાંસદ અને પૂર્વકેન્દ્રિય મંત્રી જશવંતસિંહ ભાભોર ના હસ્તે શિલ્ડ ,પ્રમાણપત્ર તથા ચેક એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ હેડ ટીચર તરીકે - શ્રી દેવેન્દ્રપ્રસાદ છોટાલાલ પંચાલ (ઠક્કરબાપા પ્રા. શાળા,તા-જીઃ દાહોદ) તથા જિલ્લા કક્ષાએ બે શ્રેષ્ઠ પ્રાથમિક શિક્ષક તરીકે (૧) શ્રી ભારતસિંહ બાદરસિંહ રાઠવા(માળ ફ.વર્ગ.બોઘડવા પ્રા. શાળા,તાઃ ધાનપુર), (૨) શ્રી ફતેસિંહ સબુરભાઈ બારીઆ(પટવાણ પ્રા. શાળા.તાઃ લીમખેડા) ની પસંદગી કરવામાં આવી હતી.

દરેક તાલુકાદીઠ પણ બે શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક આપવામાં આવ્યા હતા,જેમાં દાહોદ તાલુકામાં - (૧) શ્રી હિતેશભાઈ મંગળભાઈ પટેલ (ટાંડી ફ.વર્ગ.ખરોદા પ્રા. શાળા) (૨) શ્રી રવિન્દ્રકુમાર રણજીતસિંહ બામણ ( ચંદવાના પ્રા. શાળા),લીમખેડા તાલુકામાં- (૧) શ્રીમતિ જાગૃતિબેન ભરતભાઈ પાઠક ( સતીફળિયા પ્રા. શાળા) (૨) શ્રી અલ્પેશકુમાર રમણલાલ વાળંદ( ટીમ્બા પ્રા. શાળા), સિંગવડ તાલુકામાં- (૧) શ્રી રજનીકાંત કાનજીભાઈ બારીઆ( ધામણબારી પ્રા. શાળા) (૨) શ્રી લક્ષ્મણભાઈ ધનાભાઈ મકવાણા (સાકરીયા પ્રા. શાળા),સંજેલી તાલુકામાં- (૧) શ્રી મોહનભાઈ હિરસિંગભાઈ સંગાડા(ખેડા ફ.વર્ગ.હીરોલા પ્રા. શાળા) (૨) શ્રી વિક્રમભાઈ કાળુભાઈ બારીઆ(બોરપાણી વર્ગ. હીરોલા પ્રા.શાળા)

ધાનપુર તાલુકામાં-(૧) શ્રી અરુણભાઈ મુકેશભાઈ વસાવા (ખેડા ફ.વર્ગ.મોટીમલું પ્રા. શાળા) (૨) શ્રી નદીમખાન વાહીદખાન પઠાણ ( દુધામલી પ્રા. શાળા), ગરબાડા તાલુકામાં- (૧) શ્રી મોહમદસિદ્દીક યુસુફભાઈ શેખ ( નવા.ફ.વર્ગ.પ્રા. શાળા) (૨) શ્રી ભેરાભાઈ મણિલાલ સુથાર ( ઝરી ગાંગરડી પ્રા. શાળા)




ફતેપુરા તાલુકામાં- (૧) શ્રીમતી નિરુબેન વાલાભાઈ કટારા (બાર સલેડા પ્રા. શાળા) (૨) શ્રી મિહિરકુમાર મનહરલાલ પંચાલ (નાના સરણાયા પ્રા. શાળા), દેવગઢ બારીયા તાલુકામાં- (૧) શ્રી ભોપતભાઈ પ્રતાપભાઈ બારીયા (કોળિયારી ફ વર્ગ.ચેનપુર પ્રા. શાળા) (૨) શ્રી સંતોષભાઈ બાબુભાઈ સોલંકી ( ભુવાલ પ્રા. શાળા), ઝાલોદ તાલુકામાં- (૧) શ્રી મુકેશભાઈ મનસુખભાઈ નિનામાં (ખારાપાણી પ્રા. શાળા) (૨) શ્રી પંકજભાઈ ભીખાભાઈ વણકર (બીલવાણી પ્રા. શાળા) ની પસંદગી કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત નાં પ્રમુખ- શ્રી યોગેશભાઈ પારગી,જિલ્લા કલેક્ટર- શ્રી વિજયભાઈ ખરાડી,જિલ્લા શિક્ષણાધિકારી- કાજલ દવે, બંને સંઘના હોદ્દેદારો,સહિતનાં અધિકારીઓ તથા પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થઈ કાર્યક્રમમાં પારિતોષિક પ્રાપ્ત કરી સન્માનિત થયેલા જિલ્લાના સૌ શિક્ષક ભાઈ- બહેનોને પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દાહોદ જિલ્લા અધ્યક્ષ- શ્રી બળવંતસિંહ ડાંગર ,મંત્રી - શ્રી નિતેશભાઈ પટેલ સહિત જિલ્લા તથા દરેક તાલુકાનાં તમામ હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ દ્વારા અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### આઈપીએલનું શેડયૂલ જાહેર

# ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ અને ચેન્નાઈ વચ્ચે રમાશે પહેલી મેચ

**તમામ ૬૦ મેચ ત્રણ સ્ટેડિયમમાં રમાશે,કોરોનાને કારણે આઈપીએલ યુએઈમાં ૧૯ સપ્ટેમ્બરથી ૧૦ નવેમ્બર સુધી રમાશે, પહેલીવાર ફાઈનલ રવિવારની જગ્યાએ મંગળવારે રમાશે**

*ન્યુ દિલ્હી,તા.૬*

બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયાએ ઈન્ડિયન પ્રીમિયર લીગનું શેડયૂલ જાહેર કર્યું છે. કોરોનાને કારણે ટૂર્નામેન્ટ દર્શકો વગર ૧૯ સપ્ટેમ્બરે શરૂ થશે. પહેલી મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપરકિંગ્સ વચ્ચે થશે. ફાઈનલ ૧૦ નવેમ્બર એટલે કે મંગળવારે રમાશે. ટૂર્નામેન્ટના ઈતિહાસમાં પહેલીવાર ફાઈનલ રવિવારની જગ્યાએ વીક-ડે પર રમવામાં આવશે. આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલે દરેક ટીમને કોરોનાને કારણે માત્ર ૨૪ ખેલાડીઓ જ લઈ જવાની મંજૂરી આપી છે. અગાઉ ફ્રેન્ચાઈઝને ૨૫ ખેલાડીઓ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. ટૂર્નામેન્ટમાં અમર્યાદિત કોરોના સબસ્ટિટ્યૂટને પણ મંજૂરી આપવામાં આવી છે. એટલે કે, જો કોઈ ખેલાડી ટૂર્નામેન્ટમાં કોરોના પોઝિટિવ હોવાનું સામે આવે છે, તો પછી ટીમ તેની જગ્યાએ બીજા ખેલાડીનો સમાવેશ કરી શકશે. આઈપીએલની તમામ ૬૦ મેચ દુબઈ, અબુધાબી અને શારજાહમાં રમાશે. ભારતમાં મુકાબલા ૮ સ્થળો પર થાય છે. આ કારણોસર, ૈન્માં ભ્રષ્ટાચાર અને મેચ ફિક્સિંગ પર નજર રાખવી ખૂબ જ સરળ રહેશે.

કોરોનાને કારણે ટૂર્નામેન્ટ દર્શકો વગર બાયો સિક્યુર વાતાવરણમાં રમાશે

આઈપીએલમાં દર પાંચમા દિવસે ખેલાડીઓ અને સ્ટાફનો કોરોના ટેસ્ટ થશે

ટૂર્નામેન્ટમાં તમામ ફ્રેન્ચાઈઝ અનલિમિટેડ કોરોના સબસ્ટિટ્યૂટ કરાવી શકશે

સાંજની મેચ જૂના શેડ્યૂલથી અર્ધા કલાક પહેલાં એટલે કે ૭.૩૦ વાગ્યે અને બપોરની મેચ ૪ની જગ્યાએ ૩.૩૦ વાગ્યે શરૂ થશે

આઈપીએલના ઈતિહાસમાં પ્રથમ વખત ફાઈનલ રવિવારને બદલે વીક-ડે ??પર રમાશે.

ટૂર્નામેન્ટમાં ૧૦ ડબલ હેડર્સ એટલે કે એક દિવસમાં ૨-૨ મેચ હશે

કૉમેન્ટેટર્સ ઘરેથી લાઈવ કોમેન્ટ્રી કરશે

ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ શરૂઆતની મેચ રમી શકશે કે નહીં તે અંગે સસ્પેન્સ યથાવત છે. લીગમાં ઓસ્ટ્રેલિયાના ૧૭ અને ઈંગ્લેન્ડના ૧૩ ખેલાડીઓ ભાગ લેવાના છે. ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ત્રીજી અને છેલ્લી વનડે મેચ ૧૬ સપ્ટેમ્બરે માન્ચેસ્ટરમાં થશે. બંને ટીમોના ખેલાડીઓ ૧૬ અથવા ૧૭એ લંડનથી દુબઈથી રવાના થશે. યુએઈ પહોંચ્યા પછી ત્યાંની સરકારના નિયમો અનુસાર, તેઓએ કોરોના ટેસ્ટ કરાવવો પડશે. તેમના ટેસ્ટ નેગેટિવ આવે પછી છે જ તઓ ૭ દિવસના આઈસોલેશનમાંથી બહાર નીકળી શકશે. આવી સ્થિતિમાં, બધા ખેલાડીઓ બીજા અઠવાડિયાથી આઈપીએલ રમી શકશે. જ્યારે તમામ ફ્રેન્ચાઈઝ કહ્યું છે કે બધા ખેલાડીઓ બાય-સુરક્ષિત વાતાવરણથી યુએઈ આવશે, તો તેમને આઈસોલેટ કરવાની જરૂર નથી.

# અયોધ્યા મંદિરમાં ઘૂસીને બદમાશોએ હિસ્ટ્રીશીટર પર વરસાવી ગોળીઓ

*અયોધ્યા,તા.૬*

અયોધ્યામાં કલવાર મંદિરમાં ઘૂસીને રાજેશ નિષાદ નામના એક વ્યક્તિને ગોળી મારી દેવામાં આવી છે. રાજેશ નિષાદની છાતીમાં ત્રણ ગોળીઓ મારવામાં આવી છે. તેને ગંભીર હાલતમાં જિલ્લા હૉસ્પિટલ મોકલવામાં આવ્યો, જ્યાંથી તેને લખનઉ રેફર કરી દેવામાં આવ્યો.

અયોધ્યાના એસએસપી દીપક કુમારનું કહેવું છે કે કલવાર મંદિરની સામે જ મોટરસાઈકલ સવાર ત્રણ યુવક આવ્યા અને અંદરોઅંદર વિવાદ બાદ તેઓએ રાજેશ નિષાદને ગોળી મારી દીધી. તેમાંથી એક આરોપી પંકજની ધરપકડ કરી લેવામાં આવી છે. બીજી તરફ અન્ય ત્રણ આરોપી હજુ પોલીસની પકડથી દૂર છે.

મુખ્ય આરોપી મોહિત તિવારી અને નવીન પાંડે ચિંટૂ હજુ ફરાર છે.નોંધનીય છે કે, રાજેશ નિષાદ ઉપર પણ અનેક કેસ ચાલી રહ્યા હતા અને તે અયોધ્યામાં હિસ્ટ્રીશીટર માનવામાં આવે છે. કલવાર મંદિર ઉપર પણ તેનો જ કબજો હતો અને તેને લઈને વિવાદ ચાલી રહ્યો હતો.

શનિવારે લગભગ ૮ વાગ્યાની આસપાસ જ્યારે રાજેશ કલવાર મંદિરની છત પર બેઠો હતો ત્યારે તે સમયે મોટરસાઈકલ સવાર ત્રણ યુવક ત્યાં પહોંચ્યા, જેમની સાથે રાજેશની થોડીવાર સુધી વાતચીત થતી રહી.

આ વાતચીત દરમિયાન અંદરોઅંદર ઝઘડો વધી ગયો. ત્યારબાદ મોટરસાઈકલ સવાર ત્રણેય યુવકોએ રાજેશી છાતીમાં એક પછી એક ત્રણ ગોળીઓ મારી દીધી. ત્યારબાદ તેને તાત્કાલિક શ્રીરામ હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાંથી તેને લખનઉ ટ્રોમા સેન્ટર રેફર કરવામાં આવ્યો છે.

# કંગના રનૌત પાસે અમદાવાદને મિની પાકિસ્તાન કહેવાનું સાહસ છે?: સંજય રાઉત

*મુંબઈ,તા.૬*

શિવસેનાના નેતા સંજય રાઉત અને બોલિવુડ અભિનેત્રી કંગના રાનોતની વચ્ચે જુબાની જંગ થોભવાનું નામ લઈ રહ્યું નથી. હવે સંજય રાઉતે કહ્યુ કે કંગનાએ મુંબઈને લઈ જે નિવેદન આપ્યું છે તે નિવેદન તેઓ અમદાવાદને લઈ આપી શકે છે? રાઉતે કહ્યું કે જો તે છોકરી (અભિનેત્રી કંગના રાનોત) મહારાષ્ટ્ર પાસે માફી માંગશે તો હું આ અંગે વિચારીશ (માફી માંગવા). તે મુંબઈને મિની પાકિસ્તાન કહે છે. શું તેને અમદાવાદ અંગે આવું કંઈપણ કહેવાનું સાહસ છે? આપને જણાવી દઈએ કે સંજય રાઉતે તમામ હદો પાર કરતાં કેમેરાની સામે કંગના રાનોતને અપશબ્દ કહ્યા. આ અંગે જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું તેઓ કંગના પાસે તેની માફી માંગશે તો તેમણે કહ્યું કે જો તેઓ મહારાષ્ટ્ર પાસે માફી માંગશે તો હું પણ માફી માંગવા અંગે વિચારીશ. આપને જણાવી દઈએ કે કંગના રાનોતે પોતાના ટ્વિટર હેન્ડલ પર એક ટ્વીટ કરતાં કહ્યું હતું કે તેમણે સંજય રાઉતને ખુલ્લેઆમ ધમકી આપતા મુંબઈ ના આવવા માટે કહ્યું છે. તેની સાથે જ કંગના એ એમ પણ લખ્યું હતું કે શિવસેના લીડર સંજય રાઉતે મને ખુલ્લેઆમ ધમકી આપી છે અને મને કહ્યું છે કે મુંબઈ પાછી ના આવું. મુંબઈની ગલીઓમાં આઝાદી ગ્રેફિટી અને હવે ખુલ્લી ધમકી, મુંબઈ પાકિસ્તાન સત્તાવાર કાશ્મીર જેવી ફીલિંગ કેમ આપી રહ્યા છે?

# કેશોદના ઘેડ પંથકના પુરગ્રસ્ત વિસ્તારની સાંસદ ની મુલાકાત કે ચૂંટણીલક્ષી પ્રવાસ

**અધિકારીઓ પદાધિકારીઓ ને આડા ધરીને સરકારી બોલીમાં અસરગ્રસ્તોને આપી સાંત્વના...**




કેશોદઃ(રાજુભાઈ પંડ્યા) દશેક દિવસ પહેલાં કેશોદ તાલુકાના ઘેડ પંથકના નદી કિનારે આવેલા ખેતરોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં હોનારતની યાદ તાજી કરાવી હતી ત્યારે વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી અતિવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાઈ છે જેની હકીકત જાણી રવાનાં થયાં કે તુરંત જ સાંસદ ને મતદારો યાદ આવ્યાં હતાં ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળાં મારવા જેવી સ્થિતિ સર્જાઈ છે. ઓઝત નદી અને સાબળી નદી પરનાં ડેમ ના દરવાજા ખોલવામાં આવ્યા હતાં અને લાખો લીટર પાણી છોડવામાં આવતાં તારાજી સર્જાઈ હતી ત્યારે પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા સાવચેતીના પગલાં ભરવામાં ન આવતાં નિર્દોષ ખેડૂતો ને જાન માલની નુકસાની થયેલી છે તેમજ પાણીમાં ફસાઈ જવા ઉપરાંત જીવ ગુમાવવાનો વખત આવ્યો હતો. કેશોદના ઘેડ પંથકના વિસ્તારમાં મુલાકાતે આવેલા સાંસદ સાથે અધિકારીઓ અને પદાધિકારીઓ ને આડા ધરીને સરકારી પ્રવક્તા ની બોલી બોલીને અસરગ્રસ્તોને સાંત્વના આપી જવાબદારી પુરી કરી હતી. આવનારાં દિવસોમાં કેશોદ વિસ્તારમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની સામાન્ય ચૂંટણી યોજાવાની છે અને સંગઠન ની નિમણુંકો થવાની છે ત્યારે ચાપલૂસી કરવાનાં મલીન ઈરાદાથી આગળ પાછળ કીડીયારું ઉભરાતું નજરે પડ્યું હતું. કેશોદ તાલુકાના ઘેડ પંથકના પુરગ્રસ્ત વિસ્તારની મુલાકાત એક ડિંડક હોવાનું ગામઠી ભાષામાં અષ્ટમભષ્ટમ ભાષામાં વાતચીત કરતા સાંભળવા મળી હતી. સાંસદ નો પરિવાર કોરોના મહામારી માં સપડાયો હતો ત્યારે અમુક આગેવાનો અંતર રાખી મને કમને જોડાયા હતાં. સાંસદના પ્રવાસનાં માર્ગમાં ગાબડાં ભરવામાં વ્યસ્ત માર્ગ મકાન વિભાગ ને કેશોદ શહેરી વિસ્તારોમાં પડેલાં ખાડાઓ નજરે નહીં આવ્યાં હોય કે પછી ઠાવકા થવાનો પ્રયાસ કરવામાં આવ્યો હશે. કેશોદ તાલુકાના ઘેડ વિસ્તારમાં પસાર થતી નદીઓમાં ઘોડાપૂર આવ્યા બાદ થયેલી સ્થિતિ અને વરસાદી આંકડા મુજબ અતિવૃષ્ટિ હેઠળ સમાવેશ કરવામાં આવે તો દરેક સમસ્યાનો આપોઆપ ઉકેલ આવી શકે એમ છે ત્યારે સતાધારી પક્ષના પ્રતિનિધિઓ આગેવાનો સરકાર માં સચોટ રજુઆત કરવામાં કેટલાં સક્ષમ છે એ તો આવનારાં દિવસોમાં ખબર પડશે.

# जहां उल्टी गंगा बहती है

भारत में एक जगह ऐसी है जहां डेढ़ किलोमीटर तक गंगा उल्टी बहती है, वह स्थान है वाराणसी के घाटों का किनारा। गंगा में जब पानी अधिक बढ़ जाता है तब मणिकर्णिका घाट से तुलसी घाट तक लगभग डेढ़ किलोमीटर तक गंगा नदी उल्टी बहने लगती है। इन घाटों के बीच में हरिश्चन्द्र घाट सहित लगभग ४५ घाट आते हैं। उल्टी बहने की स्थिति लगभग आधा से एक घंटे तक रहती है और वाकायदा पानी उतरता है अर्थात् जिस निशान पर पहले पानी बह रहा होता है उल्टी बहने पर दो से तीन फीट नीचे बहने लगता है। ये स्थिति भदैनी घाट के निकट जैन घाट की है। हरिश्चन्द्र घाट पर एक मीटर के लगभग पानी उतर जाता है। यह मंजर लोग घंटों तक घाट किनारे खड़े होकर निहारते रहते हैं।

वाराणसी में गंगा नदी का बहाव दक्षिण से उ8ार की ओर है। लेकिन यहां नगर के किनारे किनारे गंगा धनुषाकार में बहती हुई, दक्षिण दिशा से आकर पूर्व फिर पूर्वोत्तर की ओर घूम जाती है। आगे जाकर पुनः उ8ार दिशा की ओर रास्ता बनाती है। यहां घुमाव होने के कारण ही यह आश्चर्यकारी प्रक्रिया होती है। अधिक पानी आने के कारण गंगा का जल वेग से आता है। दशाश्वमेध घाट के पास अधिक घुमाव है, यहां पानी टकराता है, इस कारण भंवर सी बनती है। टकराने के कारण कुछ धारा उल्टी लौटती है, उल्टी धारा का बहाव भी इतना तेज होता है कि वह लगभग डेढ़ किलोमीटर तक उल्टा ही बहता रहता है, इस कारण पानी उतरता है। कुछ देर वाद पुनः सीधा बहने लगता है। यह प्रक्रिया थोड़ी थोड़ी देर से निरन्तर होती रहती है। गंगा में बाढ़ होने पर ही यह प्रक्रिया होती है। सामान्य समय में गंगाजी वाराणसी में शांत बहती हैं।

-डॉ. महेन्द्रकुमार जैन 'मनुज', इन्दौर,




फोटो- सुरेन्द्र जैन, वाराणसी

CYMK

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ. આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધી નગર ચિત્ર પરથી સ્પર્ધા
પદ્ય
૧) શીલા પટેલ
NG NO: 0038
શીર્ષકઃ પતિનો પ્રેમ
૨)મેહુલ ત્રિવેદી
NG NO:0015
શીર્ષક સાથ
૩) શ્વેતા તલાટી
NG NO :0078
શીર્ષકઃ આંખની ફ્રેમથી સ્વપ્ન નીકળે
૩ બ પ્રફુલ્લા પ્રસન્ના
NG No: 0039
શીર્ષકઃ ઉડાન
૪) વૈશાલી .જે.મહેતા
NG NO : 00 40
શીર્ષકઃ ઘર ઘડ્યાને ઉંબર જડ્યા
૪ બ) મીના માંગરોલીયા મીનુ
NG NO:0032
શીર્ષકઃ રંગમંચ

-----------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર પદ્ય વિભાગના વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન

-------------------------------

પદ્ય
વિભાગઃ- પદ્ય
શીર્ષક :- પતિનો પ્રેમ.
દ્રર :- ૦૦૩૮
આવ મારા કરકમલથી ઊંચકી લઉં તને,
આપી સહારો ને વિશ્વાસ મારા પ્રેમનો,
અપાવું તને...!
ભૂલી પોતાને ને સાચવે આખા પરિવારને તું,
આવ તારું વ્યક્તિત્વ કેટલું મહાન છે
બતાવું તને.....!
મારા જીવનરૂપી બાગનું મહેકતું પુષ્પ છે તું,
આવ પ્રેમની વર્ષાથી ભીંજવી
દઉં તને.....!
જમાડી બધાને ઘરમાં પછી જમે છે તું,
આવ આજે પ્રેમથી હું ,
જમાડું તને....!
ના ચાલી શકું તારા વિના બે ડગલાં હું,
આવ તારી ઉચ્ચાઈ કેટલી મારા જીવનમાં,
એ બતાવું તને....!
તારા પગમાં બાંધું પાયલ ,થનગનાટ કરને તું!
આવને તારા હસતા ચહેરાનું,
મૂલ્ય સમજાવું તને....!
છે ગૃહિણી ,નથી પાંજરે પુરાયેલું પંખી તું,
આવને ખુલ્લા ક્ષિતિજમાં વિહરતા,
શીખવું તને...!
શીલા પટેલ...?? ગાંધીનગર

-----------------------------------

2 NOGS(VIP)
NO.0015
વિષયઃ-ચિત્ર પરથી રચના
વિભાગઃ- પદ્ય(છંદાસ)
શીર્ષકઃ- સાથ
બંધારણઃ- ગાલગાગા ગાલગાગા ગાલગા
હાથ મારો હોય તારા હાથમાં.
મોજ કેવી હોય મોઘમ વાતમાં!
આફતો આવે ભલેને દોડતી,
આજ એને પણ લઈશું બાથમાં.
મોત જોશે રાહ આવી આંગણે,
ચાર ડગલા ચાલવાથી સાથમાં.
જો ચલાવે હાથ પકડી તું મને,
તો વગર પાંખે વિહરું સંગાથમાં.
ચાલવાથી થાકશે નહિ શ્વાસ આ,
છે ખુમારી પણ ચરણને, જાતમાં.
સાથ દે તું જીતવાને જિંદગી,
જાઉં જીવી કોઇ પણ હાલાતમાં.
મેહુલ ત્રિવેદી ખેરાળી

-----------------------------------

૩ મુતદારિક છંદ - ગાલગા ૪
NG 0078
પ્રકાર - પદ્ય
શીર્ષક - આંખની ફ્રેમથી સ્વપ્ન નીકળે....
આંખની ફ્રેમથી બહાર જો નીકળે;
શક્ય છે સ્વપ્ન તૂટે કે ખુદને છળે
મેં મઢ્યું, સાચવ્યું સ્વપ્ન આકારમાં;
મીણ જેવું છે નાજુક, રખે પીગળે
એટલો આપજે કહું સહારો મને;
એકલા ચાલવાનું મને બળ મળે
કોઈ પ્રતિબિંબ થઈ સાથ ચાલે અને;
મારી પ્રતિભા ધીમે ધીમે ત્યાં ઓગળે
સહેજ ટેકોના બહાને નજીક આવે એ;
સ્વપ્ન "શ્વેતા"નું એ રીતથી સળવળે
શ્વેતા તલાટી વડોદરા

-----------------------------------

૩ )બ ) N O G S ( vip )
Member grp
N. G. no.39
વિષય - ચિત્ર પરથી રચના
પ્રકાર -- પદ્ય -- અછાંદસ
શીર્ષક -- ઉડાન
લે, હું તને પાંખો આપું,
ડર નહીં, નીકળ બહાર,
શોધી લે તારું આકાશ
વિહરી લે મુક્ત મને,
ભરી લે ઉડાન.
લે, કાગળ ને પેન આપું,
પકડી લે પેન,
ઉતારી દે જે મનોમન હોય એ,
આપી દે અર્થ શબ્દોને,
ને બની જા લેખિકા,
લે, આ કેનવાસ અને રંગો,
પકડાવી દે આંગળીઓને,
મનનું મોરપીંછ,
ને નચાવી લે તારા ટેરવાને,
બની જા ચિત્રકાર.
લે, હું ઝાંઝર લાવ્યો તારા માટે,
તોડી દે બંધન,
બાંધી લે પાયલ,
સજાવી લે પગમાં,
નાચી લે મનભર
ને ઉતારી મનની રુમઝુમ,
કરી લે તાતાથૈયા.
નીકળ ચાર દિવાલની ફ્રેમમાંથી,
સજાવી લે મનનાં અભરખા,
પૂરી કરી લે મનસાઓ,
જીવી લે તારી જિંદગી,
તારી મરજીથી.
પ્રફુલ્લા"પ્રસન્ના" અમદાવાદ

-----------------------------------

૪) ન્યૂઝ ઓફ ગાંધીનગર
NG NO: 40
વિષયઃ ચિત્ર પરથી રચના
વિભાગ : પદ્ય
શીર્ષક : ઘર ઘડ્યા ને ઉંબર જડ્યા
ઘર રે ઘડ્યા ને ઉંબર જડ્યા,
તુજ વિના મકાન નથી ઘર રે બન્યા!
કરી સેવા તો'ય મેણાં ખૂબ રે સહ્યા,
કેટ-કેટલા રહસ્યો તારી અંદર તે ભર્યા!
સૌ સભ્યોના પડતા બોલ રે ઝીલ્યા,
જીભના ઘા આપવામાં કોઈ પાછા ન પડ્યા!
બહુ થયું પ્રિયે; અડીખમ ઊભો હું અહીંયા,
ફેલાવ પાંખો તારી; નહીં દઉં તુજને પડવા,
ભર ઉંચી ઉડાન; કર સાકાર સપના,
ફેરો ફોગટ તારો નહીં દઉં જવા,
વગોવણીના વાવટા ખોટા બહુ ફરફર્યા,
ચાલ વિજયના વાવટામાં તબદીલ કરવા!
ઘર રે ઘડ્યા ને ઉંબર જડ્યા,
તુજ વિના મકાન નથી ઘર રે બન્યા!
વૈશાલી જે મહેતા

-----------------------------------

૪) બ) NG:0032
વિષયઃ- ચિત્ર પરથી પદ્ય ( અછાંદસ)
શીર્ષકઃ- રંગમંચ
રંગમંચ પર નૃત્ય કરતા અમે બંને,
આભની અટારીએ ધરતીની ધરાએ.
સ્વર્ગની સીમાએ અપ્સરાના સ્વપ્ને,
રંગે રંગાયા ચંદ્રમુખી અને ચંદ્રશેખર.
ચંદ્રમુખીને હસાવે સંગીતની ઝલક,
રુપ નિખર્યુ આજ સોળે કળાએ.
મનનો માણિગર,સાદગીનો સોદાગર,
સ્મિતનો સાજન, મૌનનો મોહતાજ.
સંગીતનો સારેગમપ, પાયલનો રણકાર,
નારાજગીનો ચાંદ, દિલનો દિલાવર.
જીવનની ઉંચી ઉડાન અમે ભરીએ,
આકાશગંગાની સાથે, જીવનમૃત્યુની સાથે.
આત્મ અને વિશ્વાસ જો હોય સાથ સાથ,
ચંદ્રમુખી અને ચંદ્રશેખરનો જીત્યો સાથ સાથ.
રંગમંચ પર નૃત્ય કરતા અમે બંને,
આભની અટારીએ, ધરતીની ધરાએ.
મીના માંગરોલીયા મીનુ
અમદાવાદ

-----------------------------------

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક) (M-9824653073)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા.
સંપર્ક : Email : prdpraval42@gmail.com

-----------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

# બાળ વાર્તા નઃ૧૦ પાણીનું મહત્વ




પાણી પીવા માટે તો કિંમતી જ છે.તેના અનેક ઉપયોગ પણ ઉપયોગી છે.રાહુલ ઘરમાં નાનો પણ ખૂબ મસ્તીખોર.તેની મસ્તીથી બધા તંગ આવી ગયા હતા.

એ નહાવા જાય તો પાણી બંધ ન કરે,કલાક પાણી રેડ્યા કરે ને બહારથી મા કેટલી બૂમ પાડે પણ સાંભળે તો રાહુલ શેનો? એકવાર શાળામાં મેદાનમાં બધા બાળકોની પાણીની બોટલ તેણે જબરજસ્તી લઈ ઢોળી દીધી.

શાળાના આચાર્ય પાસે તેની ફરિયાદ કરવામાં આવી.તેના પિતાજીને બોલાવવામાં આવ્યા.બધા બાળક તેની વિરૂદ્ધ ફરિયાદ કરવા લાગ્યા.તેના પિતાએ નક્કી કર્યુ કે તેને હવે હોસ્ટેલ (વસ્તિગૃહ)માં મૂકી દેવો.જેથી તેની મસ્તી ઓછી થાય.

તેણે ખૂબ કાલાવાલા કર્યા ,પણ પિતાજી એક ના બે ન થયા.તે આખરે પંચગીની પહોંચ્યો.ત્યાં સીધો રહેશે તો જ પિતાજી એક વર્ષ પછી પાછો ઘરે લઈ જશે.એવી એને રીતસર ધમકી આપવામાં આવી.ત્યાં સજાને લીધે કે કંઈ પણ કારણસર તે હવે ધીરે ધીરે સુધરવા લાગ્યો.

એક વાર વર્ગ શિક્ષકે તેને પાણીનો પ્રોજેક્ટ બનાવવાની જવાબદારી સોંપી,તેણે બધું વાંચવા માંડ્યું તો તેને ખૂબ પસ્તાવો થયો કે તે કેટલો પાણીનો બગાડ કરતો હતો.

પાણી પૃથ્વી પર કેટલું બધું છે પણ તેમાંથી ફક્ત ૧/૪ પાણી પીવાનો લાયક છે.

નિયમ બનાવ્યા તેણે પાણીના-

૧ પ્યાલામાં એટલું ભરો જેટલું પીવું છે.

૨ નહાતા વખતે એટલું વાપરો જેટલું શરીર પૂરતું જોઈએ.

૩ બ્રશ કરતી વખતે નળ બંધ કરો.

૪ રાંધવામાં પણ ઉપયોગ પૂરતું વાપરો.

૫ કૂવા ,તળાવ,નદી અને સરોવર સ્વચ્છ રાખો.

૬ જાનવરોને પીવા પાણી જુદુ ભરો.

૭ ખેતરોને પાણી નહેરો બનાવી સિંચો.

પ્રોજેક્ટ જ્યારે રાહુલે વિજ્ઞાન પ્રદર્શનમાં મૂક્યો તો તેને પ્રથમ નંબર મળ્યો.

એનું છ મહિનાનું પરિણામ જોવા તેના પિતાજી આવ્યા તો તેના આચાર્યએ રાહુલની ખૂબ પ્રંશંશા કરી.તેના પિતાજીએ જ્યારે તેને શાબાશી આપી તો તેની છાતી ગજગજ ફૂલાય ગઈ. વર્ષના અંતે જ્યારે પિતાજી આવ્યા તો રાહુલે આ જ શાળામાં અભ્યાસ કરશે એ જણાવ્યું .

જયશ્રી પટેલ

# કોણ છે આ PAN NALIN,જેની ફિલ્મમાં કામ કરવા આ મહાનાયક આતુર છે?



મહાનાયક અમિતાભ બચ્ચનને એક પત્રકારે થોડા સમય પહેલાં પૂછ્યુંઃ

અભિનય ક્ષેત્રે આટલી વિરાટ છલાંગ લગાવ્યા બાદ અને ભાતભાતની ભૂમિકાઓ ભજવ્યા બાદ હવે કોઈ ઝંખના ખરી ?

ત્યારે અમિતાભજીએ પૂરતી પારદર્શકતા સાથે ઉત્તર વાળ્યોઃ

જી, ફ્રાન્સના આંતરરાષ્ટ્રીય ખ્યાતીપ્રાપ્ત કુશળ ફિલ્મ-દિગ્દર્શક PAN NALIN ની ફિલ્મમાં કામ કરવાની એક ઝંખના છે ! ×

તો કોણ છે આ PAN NALIN ,જેની ફિલ્મમાં કામ કરવા આ મહાનાયક આતુર છે ?

PAN NALIN નામનો આ આંતરરાષ્ટ્રીય કક્ષાનો પ્રતિભાવંત ફિલ્મકાર એ ગુજરાતી છે,કાઠીયાવાડી છે.

આવો, હવે ફ્લેશબેકમાં જ ઈ એઃ

લગભગ ૧૯૭૫ ની આસપાસનો કોઇ શિયાળો ! અમરેલીના બે શિક્ષક-મિત્રો શિવરાત્રીના મેળાની મોજ માણવા જૂનાગઢ જવા માટે અમરેલીથી ટ્રેનમાં બેઠા.રસ્તામાં ખીજડીયા જંકશને ગાડી અર્ધો કલાક હોલ્ટ કરે.પેલા અમરેલીવાળા બે મિત્રો ય નીચે ઉતરીને ચાની લારીએ ચા પીવા ગયા.દસ-બાર વરસનો એક છોકરો કપ-રકાબી સાફ કરી રહ્યો હતો.પેલા શિક્ષકે પૂછતાં લારીવાળાએ તે પોતાનો દીકરો હોવાનું અને તેને ભણવામાં રસ નહીં હોવાથી અત્રે પિતાને મદદ કરતો હોવાનું જણાવ્યું.શિક્ષકોને રસ પડ્યો ને છોકરાને પૂછ્યુંઃ × ભણવું ગમતું નથી તો તને શું ગમે છે? × છોકરાએ ભોળાભાવે કહ્યુંઃ ×મને ચિત્રો દોરવાનું બહુ ગમે.× એમ કહીને એ છોકરો સીગારેટનાં ખોખાં ઉપર પોતે દોરેલાં ચિત્રો શિક્ષકોને બતાવવા લાગ્યો.શિક્ષકે પેલા લારીવાળા ભાઈને કહ્યું :× તમારો આ છોકરો ખરેખર પ્રતિભાશાળી છે,અમે એને અમરેલી લઇ જૈ ભણાવશું.અમે જૂનાગઢથી વળતા આવીએ છીએ.×

છોકરાના પિતાએ આ માટે સાનંદાશ્ચર્ય સંમતિ આપી ને એ શિક્ષક જૂનાગઢથી વળતા આવીને આ કપ-રકાબી સાફ કરતા છોકરાને પોતાની સાથે અમરેલી લઇ ગયા.એ છોકરાને એનાં મનગમતાં ક્ષેત્રમાં આગળ વધવા માટે તમામ પ્રકારની મદદ કરી.

બાદમાં એ યુવાન ફાઈનઆર્ટસ્ નો અભ્યાસ કરવા વડોદરા અને ત્યાંથી પછી મોહમયી મુંબઈ નગરીમાં પોતાની પ્રતિભાને વિકસાવવા જાય છે.થોડા સમયમાં જ એની પ્રતિભાને પોંખનારા ય મળી જાય છે.આર.કે.લક્ષ્મણની વિખ્યાત કાર્ટૂન સિરિઝ वागले की दूनिया નું નિર્માણ કરવાની તક મળે છે ને આ સિરિઝની ધરખમ સફળતા બાદ આ યુવાનની પ્રતિભા પરદેશમાં ય પોંખાય છે.આ યુવાન બાદમાં ફ્રાન્સમાં સેટલ થાય છે અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ એની ફિલ્મ કળાનું કૌશલ્ય પોંખાય છે.

આ શિક્ષક તે અમરેલીના સુખ્યાત વિદ્વાન પ્રાધ્યાપક શ્રી ડૉ.વસંત પરીખ અને પેલો કપ-રકાબી સાફ કરનારો છોકરો તે આ વિખ્યાત ફિલ્મ-દિગ્દર્શક PAN NALIN એટલે કે પંડ્યા નલિનકુમાર રમણીકલાલ.આ યુવાને પોતાનું નામ ×નલિન× યથાવત રાખીને પોતાની અટક PANDYA માંથી ત્રણ અક્ષર PAN ને પૂર્વગ તરીકે રાખીને PAN NALIN તરીકે ઓળખાવાનું પસંદ કર્યું. (આપણા વિખ્યાત મોટિવેશ્નલ વક્તા,લેખક શ્રી શૈલેશ સગપરિયાજીએ એમનાં પ્રભાવક પુસ્તક ×હોંશના હલેસા× માં ઉક્ત પ્રસંગનું રસપ્રદ શૈલીમાં આલેખન કરેલ છે.)

આ પ્રસંગ આજે યાદ આવવાનું કારણ આજનાં અખબાર ×દિવ્ય ભાસ્કર×નાં પ્રથમ પૃષ્ઠ પર પ્રગટ થયેલ શ્રી અશોક અદેપાલ (ભુજ) નો એક અહેવાલ છે.

આ અહેવાલમાં જણાવ્યા મુજબ શ્રી ×પાન નલિન× આજકાલ ગુજરાત/સૌરાષ્ટ્રમાં છે.તેઓશ્રી આંતરરાષ્ટ્રીય કક્ષાની ગુજરાતી ફિલ્મ ×છેલ્લો શો ×નાં શૂટિંગ માટે સમગ્ર ફિલ્મ-યુનિટ સાથે અત્રે આવેલ છે. આ ગુજરાતી ફિલ્મ ×છેલ્લો શો × અનેક રીતે અનન્ય છે. આ ફિલ્મ ફ્રેન્ચ,જર્મન સહિત આઠ વૈશ્વિક ભાષાઓમાં ડબ થઈ રહી છે. આ ફિલ્મમાં છ બાળકોની મુખ્ય ભૂમિકા છે,જે માટે સૌરાષ્ટ્રનાં ૯૪ ગામડાંઓમાંથી આશરે ત્રણેક હજાર બાળકોના સ્ક્રીનટેસ્ટ લેવાયેલ,જેમાંથી આ ૬ બાળકો સિલેક્ટ થયેલ છે. ફિલ્મનાં ઘણા ખરા પ્રસંગો પોતાની અસ્સલ જિંદગીનાં જ હોવાનું નલિનભાઈએ જણાવેલ. પાન નલિનની ભૂમિકામાં ભાવિન રબારી નામનો બાળકલાકાર છે,બાકીનાં બાળકલાકારો ય આપણા ગુજરાતનાં જ-પોરબંદર,લાઠી,જામનગર વગેરેના છે.આ ફિલ્મનું શુટિંગ રાજકોટ,અમરેલી,સાસણ,ગીરજંગલનો વિસ્તાર,ધારી,બગસરા,લાઠી વગેરે સ્થળોએ થયેલ છે. આ ફિલ્મ ૨૦૨૧ માં રજુ થવાની સંભાવના દર્શાવાઈ છે.

સૌરાષ્ટ્ર/ગુજરાતનું નામ રોશન કરનાર નલિનભાઈએ The Valley Of Flowers ,Ayurveda,Samsara જેવી ફિલ્મોનાં નિર્માણ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ગજુ કાઢનાર આ ગુર્જરરત્ન શ્રી નલિનકુમાર રમણિકલાલ પંડ્યા ઉર્ફે PAN NALIN ને આ સાથે ધન્યવાદ અને સુકામનાઓ ×છેલ્લો શો × માટે ! અને વધુ ઉજ્જ્વળ ભવિષ્ય માટે !

# ઠરાવ રદ બાબતની અમારી લડતને સફળતા મળતા અટકી પડેલી ભરતીઓ પરનો રોક હઠયો એ આવકાર્ય : પ્રવિણ રામ



૧/૮/૧૮ ના ઠરાવના કારણે ઓબીસી ,એસસી,એસટી અને ઈબિસી ને તો અન્યાય થતો હતો પરંતુ લાખો બેરોજગાર યુવાનોને પણ અન્યાય થતો હતો કારણકે તમામ ભરતીઓ અટકવાનું મુખ્ય કારણ આ વિવાદાસ્પદ ઠરાવ જ હતો અને એમના કારણે લાખો બેરોજગાર યુવાનોનું ભવિષ્ય અધ્ધરતાલ હતું અને જો આ પ્રશ્નનું નિરાકરણ કરવું હોઇ તો સૌપ્રથમ ઠરાવનું નિરાકરણ કરવું જરૂરી હતું અને એટલા માટે ઓબીસી,એસસી,એસટી ની મહિલાઓને ન્યાય મળે તેમજ બેરોજગાર યુવાનોને ન્યાય મળે એ માટે પ્રવિણ રામ ,સાથીમિત્રો અને એલ આર ડી મહિલાઓ દ્વારા ઠરાવને રદ કરવા બાબતે ગાંધીનગર ખાતે ૭૦ દિવસ સુધી આંદોલન કરવામાં આવ્યું હતું અને આ આંદોલનના પગલે થોડા સમય પહેલા ઠરાવ રદ કરવા બાબતે હાઈકોર્ટ દ્વારા નિર્દેશ આપવામાં આવ્યો હતો જેમના કારણે પ્રવિણ રામ, સાથીમિત્રો અને એક આર ડી મહિલાઓના આંદોલનને ઠરાવ રદની એક સફળતા હાથ લાગી હતી અને જેના કારણે ઓબીસી, એસસી, એસટી અને ઈબિસીના લોકોને ન્યાય મળ્યો હતો અને આજ રોજ સરકાર દ્વારા ઠરાવના કારણે અટકી પડેલી તમામ ભરતીઓ ચાલુ કરવા ,નિમણુક આપવાની જાહેરાત કરવામાં આવી છે ત્યારે આંદોલનકારી પ્રવિણ રામના ઠરાવ રદ કરવાના આંદોલનને અન્ય બીજી સફળતા હાથ લાગી છે ત્યારે ગુજરાતના બેરોજગાર યુવાનોમાં ખૂબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે

આ બાબતે આંદોલનકારી પ્રવિણ રામ સાથે વાત કરતા એમને જણાવ્યું હતું કે ઠરાવના કારણે જ તમામ ભરતીઓ અટકીને પડી હતી અને લાખો બેરોજગાર યુવાનો હેરાન થતા હતા અને એટલા માટે જ અમે ઠરાવનું નિરાકરણ થાય એવી જ અમે માંગણી સરકાર સમક્ષ રાખી રહ્યા હતા અને અંતે અમારા આંદોલનના પગલે ઠરાવનું નિરાકરણ આવી જતા ઓબીસી ,એસસી,એસટી અને ઈબિસી ના લોકોને તો ફાયદો થયો પરંતુ અટકી પડેલી ભરતીઓ ચાલુ થઈ જતાં લાખો બેરોજગાર યુવાનોને પણ ફાયદો થયો છે ત્યારે અમારા આંદોલનને બીજી સફળતા હાથ લાગી છે અને એ બદલ પ્રવિણ રામે આંદોલનના એમના સાથીમિત્રો અને એલ આર ડી મહિલાઓને અભિનદન પાઠવ્યા હતા,અને સાથે સાથે બેરોજગારી આંદોલનના સાથીમિત્ર યુવરાજસિંહને પણ અભિનદન પાઠવવામાં આવ્યા હતા અને વધુમાં એમના દ્વારા જણાવવામાં આવ્યું હતું કે થોડા સમય પહેલા મુખ્યમંત્રીશ્રી અને દિનેશભાઈ દાસા સાથે આ બાબતે મુલાકાત કરી હતી ત્યારે ઠરાવ નું નિરાકરણ આવી જશે એટલે તુરંત ભરતીઓ ચાલુ થઈ જશે એવી બાહેંધરી આપવામાં આવી હતી અને હકિગતમાં મુખ્યમંત્રીશ્રી દ્વારા ઠરાવનું નિરાકરણ આવી જતા તુરંત નિમણુક આપવાની જાહેરાત કરી દેવામાં આવી છે બદલ મુખ્યમંત્રીશ્રી નો આભાર માન્યો હતો

આંદોલનકારી પ્રવિણ રામ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સરકારે નિમણુક આપવાની જાહેરાત કરી છે એ હાઈકોર્ટના દિશાનિર્દેશ આધારે ભરતી કરશે એવો અમને વિશ્વાસ છે અને નવી ભરતી માટે જાહેરાત કરી એમનું અમલીકરણ પણ ટૂંક સમયમાં કરી દેશે અને કદાચ અમલીકરણ નહી થાય અથવા હાઈકોર્ટના નિર્દેશ મુજબ નિમણૂકો નહી અપાય તો અમે અન્યાયકર્તા લોકોની સાથે છે એવી વાત પણ ઉચ્ચારવામાં આવી હતી અને વધુમાં એમના દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સરકારની આ જાહેરાત બાદ જેમને હજુ પ્રોબ્લેમ છે એવા લોકો કદાચ બેરોજગાર યુવાનોની ભરતી થાય એવું કદાચ ઈચ્છતા નથી અને એટલા માટે પેટમાં કઈક બીજું દુખે છે અને વાત બીજી કઈક થઈ રહી છે એવું લાગી રહ્યું છે, આ જાહેરાતનો વિરોધ કરનાર લોકો અત્યાર સુધી ભરતીની જાહેરાત થાય એવી જ માંગણી કરી રહ્યા હતા અને હવે સરકાર દ્વારા જાહેરાત કરી દેવામાં આવી તો પણ વિરોધ કરી રહ્યા છે એવા લોકોને હાઈકોર્ટ નો નિર્દેશ સ્વીકાર્ય ના હોઈ અને ૧/૮/૧૮ ના ઠરાવ મુજબ જ ભરતી કરાવવા માંગતા હોય એવું લાગી રહ્યું છે એવો આક્ષેપ પ્રવીણભાઈ રામ દ્વારા કરવામાં આવ્યો હતો અને સરકાર કોઈપણ ના દબાળમાં આવી જરૂરિયાત વગરની બેઠક કરશે તો અમારી સાથે પણ બેઠક કરવી પડશે એવી ચીમકી પણ પ્રવિણ રામ દ્વારા ઉચ્ચારવામાં આવી

જન અધિકાર મંચ

### બે કર્મીઓને છુટા કરાયા

# બાલુન્દ્રા ગામના તલાટીને સસ્પેન્ડ કરી સરપંચને હોદ્દા પરથી દૂર કરવાની નોટીસ અપાઈ

## પાલનપુર તાલુકાના સલેમપુરા ગામમાં જેલના કેદીને મજુર દર્શાવી તેના નામે રૂપિયા ચુકવનાર સામે પોલીસ ફરીયાદ દાખલ કરાશે



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના બાલુન્દ્રા અને પાલનપુર તાલુકાના સલેમપુરા તથા કુંભાસણ ગામમાં મનરેગા યોજનામાં ગેરરીતિ આચનાર વ્યક્તિઓ, કર્મચારીઓ અને સરપંચ સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે તેમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયાએ મિડીયાને મુલાકાત આપતાં જણાવ્યું હતું. ડીડીઓશ્રીએ કહ્યું કે બાલુન્દ્રા ગામમાં મનરેગા ગેરરીતિ અંગેના સમાચાર મળતાં તા.૩/૦૮/૨૦૨૦ના રોજ પોલીસ ફરીયાદ દાખલ કરાઇ હતી એની તપાસ ચાલી રહી છે. આ તપાસ દરમ્યાન ધ્યાનમાં આવ્યું છે કે બે મરણ પામેલ વ્યક્તિઓના નામે તેમના ખાતામાં નાણાં ચુકવાયા છે. આ કિસ્સામાં જવાબદાર તલાટીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને સરપંચને પંચાયત અધિનિયમના સેક્શન- ૫૭ હેઠળ હોદ્દા પરથી દૂર કરવાની નોટીસ આપવામાં આવી છે તથા ગ્રામ રોજગાર સેવક અને મેટની કામગીરી કરતાં બે કર્મીઓને છુટા કરી તેમની સેવાઓ સમાપ્તત કરવામાં આવી છે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને મજુર દર્શાવી તેમના ખાતામાં નાણાં ચુકવાયા છે તેવી બાબત પણ ધ્યાનમાં આવી છે તેની પણ તપાસ કરી કાર્યવાહી કરાશે. ડીડીઓશ્રીએ જણાવ્યું કે, પાલનપુર તાલુકાના સલેમપુરા અને કુંભાસણ ગામમાં મનરેગા યોજનામાં કોભાંડ અંગે તપાસ કરવામાં કરવામાં આવી રહી છે. સલેમપુરા ગામના ડાભી મહેશભાઇ ચેલાભાઇ જે ૨૦૧૨-૧૩માં આરોપી તરીકે જેલમાં હતાં. તે સમય દરમ્યાન તેમને મજુર દર્શાવી તેમના નામે ચુકવણું કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બોડાણા તેજમલજી ચેલાજીના મરણ પછી પણ તેમને મજુર દર્શાવી તેમના નામે નાણાં ચુકવાયા છે. જેનું રેકર્ડ કબજે લીધુ છે તથા સલેમપુરા ગામની તપાસ પૂર્ણ થઇ ગઇ છે. ગેરરીતિ આચરનારાઓ સામે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું. મજુર કામ માટેની પ્રાથમિક જવાબદારી ગ્રામ પંચાયતની જ બને છે એમાં તાલુકા કે જિલ્લાકક્ષાના કોઇ અધિકારી કે કર્મચારી સામેલ હશે તો તેમની સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયાએ મિડીયાને જણાવ્યું હતું.

# ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા કોઈપણ લક્ષ્યને હાંસલ કરવા માટે સક્ષમ છે. :મોડાસામાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ



મોટી ઈસરોલ, તા.૬

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે તેમના અધ્યક્ષીય ઉદબોધનમાં મોડાસા ખાતે જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા કોઈપણ લક્ષ્યને હાંસલ કરવા માટે સક્ષમ છે. સ્થાનિક સ્વરાજયની, વિધાનસભાનીકે લોકસભાની કોઈ પણ ચૂંટણીમાં ભાજપાનો કાર્યકર્તા ઘરે ઘરે જઈને ભાજપાનો પ્રચાર કરીને ભાજપા તરફી વધુમાં વધુ મતદાન કરાવીને ભાજપાના ઉમેદવારનો વિજય સુનિશ્ચિત કરે છે. સંગઠિત અને સક્રિય કાર્યકર્તા ભાજપાની શક્તિ છે. ભાજપા કાર્યકર્તાઓએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને કરેલા પ્રામાણિક પ્રયાસોના ફળસ્વરૂપે જ ૧૯૯૫થી સતત રાજ્યમાં ભાજપાની સરકાર છે અને લોકસભાની ચૂંટણીમાં સતત બે વખત આપણે તમામ ૨૬ બેઠકો જીતવામાં સફળ થયા છીએ.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા મતદારયાદીના પોતનાં બુથના પેજ ઉપર પેજપ્રમુખની જવાબદારી નિભાવી વધુમાં વધુ મતો પર ભાજપનું સમર્થન મેળવવા પરિશ્રમ કરે. પેજથી બુથ પર, બુથથી મંડલ, મંડલથી જિલ્લા અને જિલ્લાથી વિસ્તારની વિધાનસભા બેઠકો પર વિજય નિશ્ચિત કરી આગામી વિધાનસભા ચૂંટણીમાં આપણે ઐતિહાસિક વિજય મેળવવામાં અવશ્ય સફળ થઈશું.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર રાજકીય કાર્યકર્તા તરીકેની જવાબદારી ઉપરાંત એક સામજિક કાર્યકરની જવાબદારી પણ હંમેશાથી નિભાવતો આવ્યો છે. શ્રી ભાજપા સમાજ ઉપયોગી વલણને વેગ આપવા માટે ભાજપાનો દરેક કાર્યકર્તા કેંદ્ર તેમજ રાજયની ભાજપા સરકારની લોકોપયોગી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવાની તેમણે હિમાયત કરી હતી.બેઠકમાં ઉપસ્થિત સૌ શ્રી પાટીલે આગામી સમયમાં આવનાર વિવિધ ચૂંટણીઓ અંગે વિવિધ મુદ્દે છણાવટ કરીને સંવાદ સેતુના માધ્યમથી પરામર્શ કરીને જરૂરી સૂચનો સાથે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફિયા, પૂર્વ મંત્રી અને પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી જયસિંહ ચૌહાણ, પ્રદેશ ઉપાધ્યક્ષ અને સાંસદ શ્રીમતી રમીલાબેન બારા, સાંસદશ્રી દિપસિંહ રાઠોડ, પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઇ પંડ્યા, પ્રદેશ મંત્રી અને સાબરકાંઠા જિલ્લાના પ્રભારી શ્રી પ્રદીપસિંહ વાઘેલા, પ્રદેશ મંત્રીશ્રી અને અરવલ્લી જિલ્લાના પ્રભારીશ્રી હર્ષદગીરી ગોસ્વામી, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો.ઋત્વિજભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા પ્રમુખશ્રી રણવીરસિંહ ડાભી, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા સંગઠનના પદાધિકારીશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, ચૂંટાયેલા સભ્યો, વિવિધ ધાર્મિક સંસ્થાના પૂજ્ય સંતશ્રીઓ, વિવિધ સમાજના શ્રેષ્ઠીઓ, સામાજિક અને સહકારી ક્ષેત્રના અગ્રણીશ્રીઓ, પ્રબુદ્ધ નાગરિકો સહિત અપેક્ષિત શ્રેણીના ભાજપાના કાર્યકર્તા ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### માણાવદર તાલુકાના ગામોમાં

# ભાદર નદીના કિનારે જમીન ધોવાણ થયું છે તે ખેડૂતોને વર્ષ ૨૦૧૫ મુજબ સહાય આપવા માંગ

માણાવદર તાલુકા ના ગામોમાં ભાદર નદીના કિનારે જમીન ધોવાણ થયું છે તે ખેડૂતોને વર્ષ ૨૦૧૫ મુજબ સહાય આપવા માણાવદર તાલુકા પંચાયતના સદસ્ય રામસીભાઇ ખોડભાયે જૂનાગઢ જિલ્લા કલેકટર ને ઈમેલ દ્વારા રજૂઆત કરીને માંગ કરી છે



માણાવદર તાલુકાના વેકરી, વડા, ગણા, ભીંડોરા, વાડાસડા, ઈન્દ્રા, સરાડીયા, મરમઠ, દેશીંગા અને ચીખલોદ્રા આ દસ ગામમાં ભાદર નદીના પૂરના પાણી ગઈ તારીખ ૨૪ અને ૩૧ ઓગસ્ટના રાજકોટ જિલ્લાના મોટા ડેમો ભાદર-૧ ભાદર-૨ વેણુ-૨ અને મોજ ડેમનું પાણી વેકરી ગામના ખેતરોમાં પૂરના પાણી ઘુસી ગયા હતા મોટા પ્રમાણમાં જમીન ધોવાણ થયું છે હાલ વહીવટી તંત્ર દ્વારા પાક નિષ્ફળનો સર્વે હાથ ધરવામાં આવ્યો તે આવકાર દાયક બાબત છે.પરંતુ જમીન ધોવાણની હજારો એકરમાં મોટી નુકસાની થઈ છે.

SDRF સહાય આ બાબતે વ્યાજબી સહાય ન કહેવાય અમારા આ દસ ગામમાં વર્ષ ૨૦૧૫માં જમીન વિકાસ નિગમ દ્વારા સર્વે કરી સરકાર દ્વારા એ વર્ષમાં સહાય પણ મળી હતી પાંચ વર્ષ બાદ આજે મોંઘવારી ખુબ વધી છે પાક નિષ્ફળ ગયો છે પાકવીમા યોજના બંધ થઈ ગઈ છે અને ખાટલે મોટી ખોટ એ છે કે ૪૮ કલાકમાં સો ઈંચ વરસાદથી વધુ ડેમના પાણી ખેતરોમાં ઘુસી ગયા હતા પણ મુખ્યમંત્રી સહાય યોજના લાભ મળવા પાત્ર નથી આથી માત્ર એટલી જ વિનંતી છે ૨૦૧૫ માં જે સહાય મળી હતી તે ફરી આ વર્ષે લાગુ કરવા વિનંતી

જો અમારી માંગ નહીં સંતોષય તો અમે ગાંધી ચિંધ્યા માર્ગે નદી કિનારે આંદોલન કરશું તેમ માણાવદર તા.પં. સભ્ય રામસીભાઇ ખોડભાયે જણાવ્યું છે

તસ્વીર - અહેવાલ -જ્ઞેશ પટેલ માણાવદર

## બનાસકાંઠા જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મેળવતા દિવ્યાંગ પ્રાથમિક શિક્ષક



ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ એટલે શિક્ષક દિન..આ દિવસે ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષ ૨૦૨૦ માટે મહેસાણા જિલ્લાના વાલમ ગામના વતની અને બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ખોડલા પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી બકુલચંદ્ર વાલજીભાઈ પરમારની બનાસકાંઠા જિલ્લાના જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થતાં તેઓશ્રીને ૫મી સપ્ટેમ્બરે કાનુભાઈ મહેતા હોલ પાલનપુર ખાતે બનાસકાંઠા સાંસદ શ્રી પરબતભાઈ પટેલની અધ્યક્ષતામાં શાલ, મોમેન્ટો, પ્રમાણપત્ર અને ચેક અર્પણ કરી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે બનાસકાંઠા સાંસદ માનનીય શ્રી પરબતભાઈ પટેલ, બનાસકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન માન. શ્રી લક્ષ્મીબેન કરેણ, જિલ્લા સદસ્ય શ્રી અશ્વિનભાઈ સકસેના, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એન.બી.ચાવડા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સંજયભાઈ પરમાર, ડાયટ પ્રાચાર્ય શ્રી એમ.જે. નોગસ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી મુકેશભાઈ ચાવડા, ઇ.આઈ.શ્રી નૈનેશભાઈ દવે અને શ્રી કરશનભાઇ પઢાર વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી દિવ્યાંગ શિક્ષક બકુલચંદ્ર પરમારની કામગીરીને બિરદાવી શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવ્યા હતા.

### હિંદુવિરોધી 'ફેસબુકલ્લની તાનાશાહીના વિરોધમાં હિંદુઓનો સંઘર્ષનો પેંતરો !

# ફેસબુકલ્લનું પક્ષપાતી વલણ આ વિષય પર 'ઑનલાઈન વિશેષ પરિસંવાદનું આયોજન !



श्री. रमेश शिंदे

ભારતમાં અભિવ?યક્તિ સ?વાતંત્ર્ય હોવા છતાં 'ફેસબુક' તાનાશાહી કરીને કેવળ હિંદુ કાર્યકર્તાઓ, તેમજ હિંદુ સંગઠનોના ફેસબુક પેજ બંધ કરે છે. બીજી બાજુ હિંસક કાર્ય કરનારા આતંકવાદી અને તેમની આતંકવાદી સંગઠનોના 'ફેસબુક પેજેસ' છડેચોક ઝેરીલો પ્રસાર કરી જ રહ્યા છે. હિંદુ બહુમતિ ધરાવનારા દેશમાં હિંદુઓનો જ અવાજ દાબી દેવાનો સંતાપજનક પ્રકાર 'ફેસબુકે' આરંભ?યો છે. હિંદુ વિરોધી 'ફેસબુક'નું આ પક્ષપાતી વલણ ઉજાગર કરવા માટે હિંદુ જનજાગૃતિ સમિતિ વતી ૬ સપ?ટેંબર ૨૦૨૦ની રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ના સમયગાળામાં 'ચર્ચા હિંદુ રાષ?ટ્ર કી' (चर्चा हिंदु राष्ट्र की') આ વિશેષ પરિસંવાદ માલિકામાં 'ફેસબુકકા પક્ષપાત : હિંદુઓકે 'પેજ' બંધ, આતંકીયોકે ચાલુ !' ('फेसबूक का पक्षपात : हिंदुओंके 'पेज' बंद, आतंकीयो के चालू !') આ વિષય પર 'ઑનલાઈન' પરિસંવાદ આયોજિત કરવામાં આવ?યો છે. તેથી વધારેમાં વધારે હિંદુઓએ આ કાર્યક્રમ નિહાળવો અને 'ફેસબુક'ના સદર પક્ષપાતી વલણનો નિષેધ કરવો, એવું આવાહન હિંદુ જનજાગૃતિ સમિતિએ કર્યું છે.

આ 'વિશેષ પરિસંવાદ'માં 'ફેસબુકે' તાજેતરમાં જ જેમના પેજ બંધ કર્યા, તે ભાજપના તેલંગણા ખાતેના ધારાસભ?ય અને પ્રખર હિંદુત?વનિષ?ઠ ટી. રાજાસિંહ, 'સોશીયલ મીડિયા'ના અભ?યાસક શ્રી. અભિનવ ખરે, સર્વોચ?ચ ન?યાયાલયના ધારાશાસ?ત્રી તેમજ 'હિંદુ ફ્રંટ ફૉર જસ?ટીસ'ના પ્રવક્તા ધારાશાસ?ત્રી વિષ?ણુ શંકર જૈન અને સનાતન સંસ?થાના રાષ?ટ્રીય પ્રવક્તા શ્રી. ચેતન રાજહંસ સહભાગી થવાના છે. આ કાર્યક્રમ હિંદુ જનજાગૃતિ સમિતિના 'હિંદુજાગૃતિ' આ યુ-ટ્યૂબ' ચૅનલ દ્વારા, તેમજ www.hindujagruti.org સંકેતસ?થળ દ્વારા સીધો જ પ્રક્ષેપિત થવાનો છે. આ કાર્યક્રમ જોવા માટેની લિંક :

Youtube.com/HinduJagruti

www.hindujagruti.org

# સિધ્ધપુર ઔદિચ્ય બ્રાહ્મણ સમાજનું ગૌરવ

સિધ્ધપુર ઔદિચ્ય બ્રાહ્મણ સમાજના કપિલભાઈ બુધ્ધિપ્રસાદ શુકલ કે જેઓ ગણેશપુરા પ્રાથમિક શાળામાં શિક્ષક છે. તે એક સેવાભાવી શિક્ષક છે અને તેમને શિક્ષક દિવસ ના પવિત્ર દિવસે એમને ગુજરાત રાજયના મંત્રી દિલીપ કુમાર ઠાકોર ના વરદ્દહસ્તે તાલુકા શ્રેષ્ઠ શિક્ષકથી સન્માનિત કરવામાં આવ્યા.



શિક્ષક દિન નિમિત્તે શ્રમ અને રોજગાર ગુજરાત રાજયના મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરના વરદહસ્તે સિધ્ધપુર તાલુકાના શિક્ષકશ્રી કપિલભાઈ બુધ્ધિપ્રસાદ શુકલનું શ્રેષ્ઠ પારિતોષિક શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિનની દેશભરમાં શિક્ષક દિન તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પાટણના નવા ગંજ બજાર ખાતે રાજયના શ્રમ અને રોજગાર વિભાગ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને યાત્રાધામ વિકાસના કેબિનેટ મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરની ઉપસ્થિતિમાં તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોનો સન્માન સમારોહ સંપન્ન થયો. જેમાં આપણા સિધ્ધપુર તાલુકાના ગણેશપુરા પ્રા. શાળાના શિક્ષકશ્રી કપિલ બુધ્ધિપ્રસાદ શુકલને સિધ્ધપુર તાલુકા શ્રેષ્ઠ શિક્ષક તરીકે કેબિનેટ મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરના વરદહસ્તે મોમેન્ટો, સાલ અને પાંચ હજાર રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. તાલુકા કક્ષાએ સન્માનિત શિક્ષકશ્રી કપિલભાઈ શુક્લએ પોતાના શિક્ષક તરીકેના અનુભવો તથા પ્રતિભાવો વ્યક્ત કર્યા.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.કે.પારેખ સાહેબ, પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી લવિંગજી ઠાકોર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એ.પી. ઝાલા સાહેબ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી બી.એ. ચૌધરી સાહેબ, ડી.આઈ.ઈ.ટી.ના પ્રાચાર્યશ્રી બી.પી.ચૌધરી, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી શૈલેષભાઈ પટેલ, રાજ્ય તથા જિલ્લા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અને શિક્ષણ સંઘના હોદ્દેદારો તથા જિલ્લાની વિવિધ શાળાઓમાં ફરજ બજાવતાં શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

અહેવાલ - ધ્રુવ દવે

# પરીવારના ઉચ્ચ વિચાર થી ૬ વર્ષ ના જેનિશના જન્મ દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી.

અત્યારે આ ફાસ્ટટ્રેક જમાનામાં યુવાનો પોતાના જન્મદિવસ ની ઉજવણી અવનવી પાર્ટી ઓ કરીને ઉજવતા હોય છે ત્યારે એક એવો વિશિષ્ટ પરીવાર નો સૌથી નાનો લાડકવાયો જેનિશ જયદીપભાઈ ભાઈ પટેલ તેમને ૬ વર્ષ પુર્ણ કરી સાતમા વર્ષે માં પ્રવેશ કર્યો છે તેથી પરીવાર ના એક ઉચ્ચ વિચાર સાથે જન્મ દિવસ નિમિતે ચોખ્ખા ઘી ના લાડું, પુરી,મગ, પાપડ, દાળ, ભાત, સલાડ નુ પુરૂ ભોજન ગાંધીનગર માં અલગ અલગ સ્લમ વિસ્તારમાં ગરીબ બાળકોને,તથા જરૂરિયાતમંદ લોકો ને ભોજન પીરસવામાં આવ્યું. આ પરીવાર નું સમગ્ર સમાજને કહેવું છે કે દરેક વ્યક્તિ એ પોતાનો જન્મદિવસ કોઈક જરૂરિયાતમંદ લોકો ને અલગ અલગ રીતે મદદ કરી ઉજવવો જોઈએ તો તે સાચા અર્થમાં ઉજવણી ગણાય. અને આ રીતે ઉજવણી કરજો તો એક અનેરા આનંદ ની લાગણી નો અનુભવ થાય છે. અમુક લોકો જન્મ દિવસે કેક કટીંગ કરતા હોય છે ત્યારે આ પરીવાર ધ્વારા ચોખ્ખા ઘી ની સુખડી કટીંગ કરી ઉજવણી કરી હતી. સમગ્ર કાર્યક્રમ માં રાધે-રાધે પરીવાર ગ્રુપ ના સાથી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.



**અખિલ ભારતીય માનવાધિકાર નિગરાની સમિતિ ગુજરાતના પ્રમુખશ્રી નિલેશભાઈ જોશી, દુષ્યંતસિંહ રાજ, સૌમિલભાઈ રાવલ, પ્રદીપસિંહ વાઘેલા, અમિતભાઈ ત્રિવેદી, રીતેશભાઈ સંઘરાજકા, દીપતિબેન મભૈરવીયા, ચેતનાબેન પંડ્યા ટીમ દ્વારા ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ ના નવનિયુક્ત ચેરમેન નિવૃત જજ શ્રી રવીકુમાર ત્રિપાઠી ની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને માનવ અધિકાર વિશે ચર્ચા કરી હતી.**

### ગુજરાતના કલાકારો

# મહામુશ્કેલી માંથી જલ્દી બહાર આવે તે માટે સળંગ ૧૨ કલાક કરશે મા સરસ્વતી મહામંત્ર અખંડ જાપ

## કલાકારો ને હકારાત્મક સંદેશ આપવા માટે કરવામાં આવ્યું આ અભુતપુર્વ આયોજન..

અમદાવાદ

રવિવાર..

કલાકારો અને કસબીઓ અત્યારે મોટી મુસીબત માંથી પસાર થઇ રહ્યા છે..કલાકાર એ સરસ્વતી પુત્ર કહેવાય છે.. ફિલ્મ, નાટક, સંગીત, હાસ્ય, નૃત્ય સાથે જોડાયેલા ગુજરાત ના લાખો કલાકારો/કસબીઓના કામ ફરી પાછા ખુબ ઝડપથી શરૂ થાય તે માટે ×મા સરસ્વતી મહામંત્ર અખંડ જાપ× નું એક ભવ્ય આયોજન તારીખ ૭ સપ્ટેમ્બર ( આવતીકાલે ), સોમવારે સવારે ૯ થી રાત્રે ૯ એમ સતત ૧૨ કલાક સુધી કરવામાં આવ્યું છે જેમાં ગુજરાતના અનેક નામી અનામી કલાકારો સરસ્વતી મહામંત્ર ના અલૌકિક સ્વરો રેલાવશે. ગુજરાત ના જાણીતા કલા સંગઠનો જેવા કે સંગીત કલાકાર સંગઠન, ગુજરાતી ફિલ્મ ફ્રેટરનિટી, ઓલ મ્યુઝિક આર્ટીસ્ટ ફાઉન્ડેશન, મ્યુઝિક આર્ટીસ્ટ રીક્રીએશન ક્લબ, ગુજરાતી ફિલ્મ ટેલીવિઝન એન્ડ ઈવેન્ટ એસોસીએશન, સાઉન્ડશ્સ્ટેજ લાઈટ્સ ઓનર એસોસિએશન રાજકોટ, સ્વરમ ફાઉન્ડેશન: પાટણ, મ્યુઝીક એલાઈન્સ એસોસિએશન : જામનગર, ડાઈવર્સિટી કલ્ચરલ એસોસિએશન : ઈન્ડીયા - કેનેડા અને મહેસાણા સાઉન્ડ એસોસિએશન દ્વારા આ અભુતપુર્વ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે. અવિરત ૧૨ કલાક સુધી તબક્કાવાર ૭૨ જાણીતા ગાયક કલાકારો, અને ૪૮ જેટલા વાદ્યકારો દ્વારા સરસ્વતી મહામંત્ર ના અલૌકિક સ્વરો રેલાવવામાં આવશે. આ આખી ઘટના ન ભુતો, ન ભવિષ્યતી છે.

આ કાર્યક્રમ કરવાનો ઉદ્દેશ આવી કપરી પરિસ્થિતિમાં કલાકારો અને કસબીઓ માનસિક રીતે અસ્વસ્થ ન થાય, તે સૌનું મનોબળ મજબુત થાય, સરકારશ્રી સુધી પણ કલાકારો નો આ હકારાત્મક અભિગમ પહોંચે, અને મા સરસ્વતી ને દિલથી પ્રાર્થના થાય કે કલાકારો અને કસબીઓ ના કાર્યક્રમો સરકારી નિયમોને આધીન ફરી પાછા શરૂ થાય.

આવતીકાલે તારીખ ૭ સપ્ટેમ્બર ૨૦૨૦ સવારે ૯ થી રાત્રે ૯ દરમ્યાન દર કલાકે ૬ ગાયક કલાકારો અને ૪ વાદ્યકારો ના સથવારે અમદાવાદ ના ખાનપુર સ્થિત ભવન્સ કોલેજ ના ગીતા હોલ થી કુલ ૭૨ ગાયક કલાકારો અને ૪૮ વાદ્યકરો સતત ૧૨ કલાક સુધી સરસ્વતી મંત્ર ના સ્વરો રેલાવશે. આ સમગ્ર ઘટનાનું જીવંત પ્રસારણ તિહાઈ ટોક, સંગીત કલાકાર સંગઠન, ઓલ મ્યુઝીક આર્ટીસ્ટ ફાઉન્ડેશન ના ફેસબુક પેજ પરથી કરવામાં આવશે. આ ઐતિહાસિક , અભૂતપૂર્વ અને અલૌકિક ઘટનાને આપણા માધ્યમ દ્વારા કવરેજ આપી લોકો સુધી કલાકારો ની લાગણી પહોચાડવા નમ્ર વિનંતી છે. આપ સ્થળ પર કવરેજ માટે પધારશો તો અમે આપણા ઋણી રહીશું..

વધુ વિગતો માટે સંપર્ક : અભિલાષ ઘોડા : ૯૮૯૮૦૩૨૪૪૩

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.